Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

भो भद्राः केयमविद्या? कोऽयं मोहः? केयमात्मवञ्चनता? केयमात्मवैरिकता? येन यूयं गृध्यथ विषयेषु। मुह्यथ कलत्रेषु। लुभ्यथ धनेषु। स्निह्यथ स्वजनेषु। हृष्यथ यौवनेषु। तुष्यथ निजरूपेषु। पुष्यथ प्रियसङ्गतेषु। रुष्यथ हितोपदेशेषु। दुष्यथ गुणेषु। नश्यथ सन्मार्गात्सत्स्वप्यस्मादृशेषु सहायेषु। प्रीयथ सांसारिकसुखेषु। न पुनर्यूयमभ्यस्यथ ज्ञानं। नानुशीलयथ दर्शनं। नानुतिष्ठथ चारित्रं। नाचरथ तपः। न कुरुथ संयमं। न संपादयथ सद्भूतगुणसंभारभाजनमात्मानमिति। एवं च तिष्ठतां भवतां भो भद्र! निरर्थकोऽयं मनुष्यभवः। निष्फलमस्मादृशसन्निधानं। निष्प्रयोजनो भवतां परिज्ञानाभिमानः। अकिञ्चित्करमिव भगवद्दर्शनासादनं। एवं हि स्वार्थभ्रंशः परमवशिष्यते। स च भवतामज्ञत्वमावहति। न पुनश्चिरादपि विषयादिषु संतोषः। तन्न युक्तमेवमासितुं भवादृशां। अतो मुञ्चत विषयप्रतिबन्धं। परिहरत स्वजनस्नेहादिकं। विरहयत धनभवनममत्वव्यसनं। परित्यजत निःशेषं सांसारिकमलजाम्बालं। गृह्णीत भागवतीं भावदीक्षां। विधत्त संज्ञानादिगुणगणसंचयं। पूरयत तेनात्मानं। भवत स्वार्थसाधका यावत्सन्निहिता भवतां वयं।

उपमिति भवप्रपञ्चा कथा.

પુસ્તક ૩૦ મું. ફાગણ. સં. ૧૯૭૧. શાકે ૧૮૩૬. અંક ૧૨ મો.

## अभण अने पंडित स्त्रीनो संवाद.

( ગોપીચંદ લડકા ! બાદલ વરસે રે—એ રાગ. )

કોઈ અભણ ભણેલી, સખીઓ મળી રે ચરચા કરે. એ ટેક. ( કોરસ )

અભણ—અભણ કહે સુણ સજની મારી, આપણ સરજયાં નારી;
ક્યાં કરવો વ્હેપાર સ્ત્રીઓને, ઘર ધંધે હુશિયારી રે. કોઈ૦ ૧
ભણવું ગણવું ને વળી ભૂલવું, મગજમારી શીદ કરવી ?
ભણીને ભેદુ ચીઠ્ઠી લખવી, કુળ મરજાદ વિસરવી રે. કોઈ૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભણેલી—વેપારાર્થે ભણતર ગણતર, સ્ત્રીને ક્હેન ન ભણવું;
સદાચારમય જીવન કરવા, સ્ત્રીનીતિ ભણતર ભણવું રે. કોઈ૦ ૩
ભણવું ભૂલવું ભાગ્ય પ્રમાણે, ઉદય વ્યર્થ ન જાવે;
બેહુ ચીઠ્ઠી લખે ન સુકુળા, ભણી રહે સરલ સ્વભાવે રે. કોઈ૦ ૪
ઘટ ઉંણો છલકાય પલકમાં, ભર્યો ન છલકે હુલકે;
નષ્ટ કોઇ નીતિમય શિક્ષણવીણ, અર્ધદગ્ધ ભણી ભડકે રે. કોઈ૦ ૫

અભણ—ભણી શૃંગારિક ગ્રન્થો વાંચે, જાહેર ભાષણ આલે;
નાટક ચેટક મેળે ખેલે, જ્યાં ત્યાં માથું ઘાલે રે. કોઈ૦ ૬
બુટ ચશ્મા ને છત્રી ઓઢી, દેખાડે તન સુરતી;
આછાં ઝીણાં સજે વસ્ત્ર વળી, માનુ દિગમ્બર મૂર્ત્તિ રે. કોઈ૦ ૭
માત તાતથી વાંકી ચાલે, ન ગણે પતિ મતિ પાની;
સાસરીયાનાં સામું બોલે, અંકુશ વણ તોફાની રે. કોઈ૦ ૮

ભણેલી—શૃંગારિક ગ્રન્થો નોવેલો, વિબુધા કદીય ન વાંચે;
ધર્મશાસ્ત્ર ને ગ્રન્થ નીતિના, વાંચે વર્તન સાચે રે. કોઈ૦ ૯
મેળે ખેલે જાહેર ભાષણ, સ્વપ્નાંતર નવ ઇચ્છે;
પરઘર પરશેરી નવ ભટકે, પતિને પ્રભુ સમ પ્રીચ્છે રે. કોઈ૦ ૧૦
માત તાત ને સાસરીયાનો, વિનય કરે વિજ્ઞાની;
સંપ જંપ સૌ વૃદ્ધ બાળથી, ઘરવ્યવસ્થામાં શાણી રે. કોઈ૦ ૧૧
વિપરીત વર્તન કરે ભણીને, જ્ઞાન ન તે કદી કહીએ;
ધાર્મિક નીતિમય જ્ઞાન વિના શુક, પાઠ જ્ઞાન તે લહીએ રે. કોઈ૦ ૧૨
સીતા બ્રાહ્મિ ને દમયંતી, સતીઓ હતી ભણેલી;
ભારતવર્ષતણી ભણી કીર્તિ, અજવાળી ગુણવેલી રે. કોઈ૦ ૧૩
પણ તનુજાને નીતિમય શિક્ષણ, દેતાં દેશ સુધારા;
સ્ત્રી શિક્ષણ વિણ પતિત દેશ થઇ, વધ્યા ઘણા કુધારા રે. કોઈ૦ ૧૪
ઘરસંસારનો રથ તોફાની, ઉભય ચક્રથી ચાલે;
દંપતી સરખી જોડ હોય તો, વ્હાણ બરાબર હાલે રે. કોઈ૦ ૧૫
પતિ વિબુધ ને પ્રિયા અબુધના, દુઃખનો એક ન આરો;
પ્રિયા પંડિતા પતિ મૂર્ખનો, વ્યર્થ જાય જનમારો રે. કોઈ૦ ૧૬
ભાવી માતા બાળા ખોળે, પ્રજા સમાન સ્વભાવે;
થાય સાન સંસ્કાર પ્રમાણે, છીપ સમ મોતી થાવે રે. કોઈ૦ ૧૭
બાળલગ્ન ને વૃદ્ધવિવાહે, દાટ દેશમાં વાળ્યો;
પ્રતાપ એ સૌ અભણ સ્ત્રીઓનો, વ્હેમ કુસંપ નિહાળ્યો રે. કોઈ૦ ૧૮
ઇત્યાદિક ઉદ્ધાર દેશ ને, ભાવી પ્રજાનો કરવા;
દો તનુજાને નીતિમય શિક્ષણ, કષ્ટ કોમનાં હરવા રે. કોઈ૦ ૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભણુ—અભણ કહે ધન્ય ધન્ય ભણેલી, જન્મ સફળ કરનારી;
સૃષ્ટિનો શણગાર સુંદરી, પુણ્ય પનોતી પ્યારી રે. કોઇ૦ ૨૦
ધન્ય સખી મુજ ભ્રાન્તિ ટાળી, હૃદય કર્યું અજવાળુ;
ભણવાનો અભ્યાસ કરૂં હું, બોલ બ્હેન તુજ પાળું રે. કોઇ૦ ૨૧

(કોરસ) આર્ય દેશ હિતચિંતક દેશી, દો નીતિ શિક્ષણ સાચું;
જ્ઞાન દાન દો નિજ બાળાને, હૃદય ન કરશો કાચું રે. કોઇ૦ ૨૨
બાળા મંગળ માળા ગાશે, હરખે આશીર્વાદે;
નીતિપંથના ગ્રન્થ ગુંથશે, સાંકળચંદ સંવાદે-રે. કોઇ૦ ૨૩

---

# શ્રાવક યોગ્ય કરણીની સઝાયે.

## ચોપાઇ.

શ્રાવક તું ઉઠે પરભાત, ચાર ઘડી લે પાછલી રાત;
મનમાં સમરે શ્રી નવકાર, જેમ પામે ભવસાયર પાર. ૧.
કુવણ[1] દેવ કુવણ ગુરૂ ધર્મ, કુવણ અમારૂં છે કુળ કર્મ;
કુવણ અમારો છે વ્યવસાય,[2] એવું ચિંતવજે મનમાંય. ૨.
સામાયિક લેજે મન શુદ્ધ, ધર્મની હૈડે ધરજે બુદ્ધ;
પડિક્કમણું કરજે રયણીતણું,[3] પાતક[4] આલોએ આપણું. ૩.
કાયાશકતેં કરે પચ્ચખ્ખાણ, સૂધી પાલે જિનની આણ;
ભણજે ગણજે સ્તવન સઝાય, જિણહુંતિ[5] નિસ્તારો થાય. ૪.
ચિતારે[6] નિત્ય ચઉદે નીમ, પાલે દયા જીવતાં સીમ;
દેહરે જાઈ જુહારે દેવ, દ્રવ્ય ભાવથી કરજે સેવ. ૫.
પોષાળે[7] ગુરૂ વંદજે જાય, સુણો વખાણ સદા ચિત્ત લાય;
નિર્દૂષણ ને સૂજતો[8] આહાર, સાધુને દેજે સુવિચાર. ૬.
સામીવત્સલ[9] કરજે ઘણું, સગપણ મોહોટું સામીતણું;
દુઃખિયા હીણા દીનને દેખ, કરજે તાસ દયા સુવિશેષ. ૭.
ઘર[10] અનુસારે દેજે દાન, [11]મ્હોટાશું મ કરે અભિમાન;
ગુરૂને મુખ લેજે આખડી,[12] ધર્મ ન મૂકીશ એકે ઘડી. ૮.

---

૧ કોણ. ૨ વ્યાપાર-રોજગાર. ૩ રાત્રીનું. ૪ પાપ. ૫ જેથી. ૬ ચૌદ નિયમ સદાય ધારજે. ૭ પૌષધશાળા-ઉપાશ્રયે જઈ. ૮ દોષ વગરનો સાધુને ખપે એવા શુદ્ધ માન. ૯ સ્વધર્મીની સેવા. ૧૦ સંપત્ પ્રમાણે. ૧૧ બળીયા સાથે બાથ ભીડીશ નહિ. ૧૨ વ્રત, નિયમ, પ્રતિજ્ઞા.

For Private And Personal Use Only

માપ શુદ્ધ કરે વ્યાપાર, ઓછા અધિકાનો પરિહાર;
મ ભારજે કેની કૂડી સાખ, કૂડા જનશું કથન મ ભાખ. ૯.
અનંતકાય[1] કહી બત્રીશ, અભક્ષ્ય[2] બાવિશ વિશ્વાવિશ;
તે ભક્ષણ નવિ કીજે કિમે, કાચાં કુણાં ફળ મત જિમે. ૧૦.
રાત્રીભોજનના બહુ દોષ, જાણીને કરજે સંતોષ;
સાજી સાબુ લોહ ને ગળી, મધુ ધાવડી મત વેચો વળી. ૧૧.
વળી મ કરાવે રંગણ પાસ, દૂષણ ઘણાં કહ્યાં છે તાસ;
પાણી ગળજે બે બે વાર, અણગલ પીતાં દોષ અપાર. ૧૨.
જીવાણીનાં[3] કરજે યત્ન, પાતક છંડી કરજે પુણ્ય;
છાણાં ઇંધન ચૂલો જોય, વાવરજે જેમ પાપ ન હોય. ૧૩.
ઘૃતની પરે વાવરજે નીર, અણગલ નીર મ ધોઇશ ચીર;
બ્રહ્મવ્રત સૂધું પાલજે, અતિચાર સઘળા ટાળજે. ૧૪.
કહ્યાં પનરે કર્માદાન, પાપતણી પરહરજે ખાણ;
કિશું મ લેજે અનરથ દંડ, [4]મિથ્યા મેલ મ ભરજે પિંડ. ૧૫.
સમકિત શુદ્ધ હૈડે રાખજે, બોલ વિચારીને ભાખજે;
પાંચ તિથિ મ કરજે આરંભ, પાળો શિયલ તજો મન દંભ. ૧૬.
તેલ તક્ર[5] ઘૃત દૂધ ને દહીં, ઉઘાડાં મત મેલો અહીં;
ઉત્તમ ઠામે ખરચો વિત્ત, પર ઉપગાર કરો શુભ ચિત્ત. ૧૭.
[6]દિવસચરિમ કરજે ચોવિહાર, ચારે આહારતણો પરિહાર;
દિવસ તણાં આલોયે પાપ, જિમ ભાંજે સઘલા સંતાપ. ૧૮.
સંધ્યાએ આવશ્યક[7] સાચવે, જિનવર ચરણ શરણ ભવભવે;
ચારે શરણ કરી દ્રઢ હોય, સાગારી[8] અણસણ લે સોય. ૧૯.
કરે મનોરથ મન એહવા, તીરથ શત્રુંજે જાયવા;
સમેતશિખર આબુ ગિરનાર, ભેટીશ હું ધન્ય ધન્ય અવતાર. ૨૦.
શ્રાવકની કરણી છે એહ, એહથી થાયે ભવનો છેહ;[9]
આઠે કર્મ પડે પાતળા, પાપતણાં છૂટે આમળા.[10] ૨૧.
વારૂ લહિયે અમર[11] વિમાન, અનુક્રમે પામે શિવપુર [12]ધામ;
કહે જિનહર્ષ ઘણે સસનેહ, કરણી દુઃખહરણી છે એહ. ૨૨.

---

૧ જમીન કંદ વિગેરે. ૨ મધ, માખણ, કાચું મીઠું વિગેરે. ૩ પાણીનો સંખારો વાળતાં થયેલા જીવજંતુઓ. ૪ મિથ્યાત્વ મેલથી આત્માને મલીન કરીશ નહિ. ૫ છાશ. ૬ સૂર્ય અસ્ત થયા પહેલાં સઘળાં ખાનપાનનો ત્યાગ કરજે. ૭ પ્રતિક્રમણાદિક. ૮ અમુક આગાર (છૂટ) વાળું. ૯ અંત-છેડો. ૧૦ બંધ. ૧૧ દેવ ૧૨ સ્થાન.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्रावक योग्य दुःख हरणी करणीनुं कंइक सविस्तर ब्यान.

૧. ચ્યાર ઘડી જેટલી રાત્રી શેષ (બાકી) રહી હોય ત્યારે શ્રદ્ધાવંત, વિવેકવંત અને ક્રિયારૂચિવંત ભાઇ બ્હેનોએ જાગ્રત થઇને જરૂર જણાય તો શીઘ્ર દેહશુદ્ધિ–મળશુદ્ધિ કરીને સ્વસ્થ ચિત્ત થઇને સાવધાનપણે ભવસમુદ્રનો પાર પમાડનાર **શ્રીનવકાર** મહામંત્રનો જાપ મનમાં ગણવો–શરૂ કરવો. અરિહંતાદિકના ઉત્તમ ગુણોનું એકાગ્રપણે ચિંતવન કરતાં, અત્યંત નમ્રપણે એ ગુણોનું અનુમોદન કરતાં, એવાજ ઉત્તમ ગુણો આપણા આત્મામાં પ્રગટે એમ લક્ષ પરોવીને ભાવવું.

૨. સ્થિર મન કરીને પોતાના ઇષ્ટ દેવ ગુરૂ અને ધર્મનું સારી રીતે સ્વરૂપ વિચારવું, તેમની સંગાતે પોતાનો કેવો સંબંધ છે અથવા હોવો જોઇએ અને તેમનાથી શું પ્રાપ્ત કરવા યોગ્ય છે? તે કેવી રીતે (કેવાં સાધન બળથી) પ્રાપ્ત કરી શકાય એમ છે? તેમાં કેમ વિલંબ કરાય છે? તેના કયા કયા બાધક કારણ છે? તે કારણો શી રીતે દૂર કરી શકાય એમ છે? અને તેમાટે કેવા ઉપાય આદરવા શક્ય છે? એ વિગેરેનો વિચાર કરવો જોઈએ. વળી પોતાના કુળાચાર અને વ્યવસાય (આજીવિકાદિકનાં સાધન) સંબંધી પણ વિચાર કરવો જોઈએ. તે પોતાના ઇષ્ટ–હિત સાધવાના માર્ગમાં કેવા અને કેટલા સાધક બાધક (સહાય કરનારા કે વિઘ્ન કરનારા) છે તેનો પણ ખ્યાલ કરી જવો જોઇએ. ગમે તે રીતે પોતાનો ઇષ્ટ માર્ગ સરલ કરવા માટે શુભ વિચાર બળથી પ્રયત્ન કરવો જોઈએ, અને તે માટે જે જે ઉત્તમ ઉપાય આદરવાને શક્ય જણાય તે આદરવા જોઇએ.

૩. રાગ દ્વેષવાળા અથવા અહંતા મમતાવાળા મનના માઠા પરિણામ ઉપશાન્ત થઈ સમતા–સ્થિરતા ગુણ પેદા થાય એવા પવિત્ર લક્ષથી ઇષ્ટ સાધ્ય તરફ લઇ જઈ તે સાધ્યને મેળવી આપવાના સાધન તરીકે લેખાતું સામાયિક પ્રસન્ન ચિત્તથી હે ભવ્યાત્મા ! સદાય આદરજે, તેમાં પ્રમાદ–શિથિલતા–મંદ આદર કરીશ નહીં. પણ પ્રમાદ દૂર કરી જેમ સમતારસની વૃદ્ધિ થાય–થવા પામે તેવાં રૂડાં આલંબન ગ્રહણ કરજે. એવી રૂડી વિચારણા તું પ્રમુદિત મને કરજે. રસાયણ જેવી આત્માને ગુણકારી **મૈત્રી, મુદિતા, કરૂણા** અને **માધ્યસ્થતા** રૂપી ચાર પવિત્ર ભાવના તું ભાવજે. તે પવિત્ર ભાવનાઓ નિજ અંતરમાં પરિણમે એવો અભ્યાસ પાડજે અને પછી અવસર થયે રાત્રી સમયે જે કંઈ મન, વચન, કાયાથી દૂષણ તેં જાતે સેવ્યાં હોય, સેવરાવ્યાં હોય કે સેવનાર પ્રત્યે અનુમોદન આપ્યું હોય તેની આલોચના–નિંદા પ્રાયશ્ચિત કરવારૂપ પ્રતિક્રમણ પ્રભાત સમયે અવશ્ય કરજે, અને ફરી એવાં દૂષણ નહિ સેવવા દ્રઢ લક્ષ રખાજે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪. વળી તું સદ્દગુરૂની પાસે નિજ પાપનું નિઃશલ્યપણે નિવેદન કરી નિજ શુદ્ધિ કરવા યથાશક્તિ વ્રત નિયમ સંબંધી પચ્ચખ્ખાણ કરજે. અને ગુરૂમુખે ઉચ્ચરેલાં વ્રત નિયમ રૂડી રીતે પાળજે. શુદ્ધ દેવ ગુરૂની હિતશિક્ષા શિરપર ધારજે. તેમની આણા ( આજ્ઞા–વચન ) ને પાળવામાં પ્રમાદ કરીશ નહિ. તેથી તું સુખી થઇશ. વળી ત્હારે નિજ શકિત ફેરવીને જ્ઞાન અભ્યાસ કરવો, તત્ત્વાર્થ સમજવો, દેવગુરૂની ગુણ સ્તવના કરવી અને સઝાય ધ્યાન કરી પોતાનો વખત સાર્થક કરવો, જેથી જન્મ મરણનાં દુઃખથી છૂટી જવાનું બને.

૫. હમેશાં ચૌદ નિયમોને ચિતારજે અને સ્થિર ઉપયોગથી તે પાળજે. વૃત્તિસંક્ષેપથી બહુ સારો લાભ થશે. ભોગોપભોગમાં લેવા યોગ્ય વસ્તુઓમાં ૧ સચિત્ત–સજીવ વસ્તુનું પ્રમાણ કરજે. ૨ ખાનપાનમાં થોડી વસ્તુઓથી સંતોષ રાખજે. ૩ જરૂર જેટલીજ વિગઇ વાપરજે. ૪ પગરખાં કે મોજાનું માન રાખજે. ૫–૧૦ મુખવાસ, વસ્ત્ર, પુષ્પાદિક સુગંધી દ્રવ્ય, વાહન–અસ્વારી, માંચા–પલંગ–બેડીંગ, અને ચંદનાદિક વિલેપન દ્રવ્યનું પણ અવશ્ય પ્રમાણ બાંધવું. ૧૧ વિષયભોગ ( કામક્રિડા ) નો યથાયોગ્ય પરિહાર કરવારૂપ બ્રહ્મચર્ય પાળવું. ૧૨ ગમનાગમન સંબંધી દિશાનો સંક્ષેપ કરવો. ૧૩ શરીર–શૌચની ખાતર સ્નાન કરવાનું પ્રમાણ બાંધવું. ૧૪ અને ભાત પાણીનું માપ નક્કી કરવું. એ ઉપરાંત ઘર આરંભાદિક માટે ટાળી ન શકાય એવી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિની વિરાધના પોતાના અર્થે બને તેટલી ઓછી કરવા નિયમ કરવો. એ રીતે જીવતાં સુધી શુભ અભ્યાસ રાખીને જીવ દયા પાળવી. વળી રાગાદિક સમસ્ત દોષને જીતનારા જિનેશ્વર ભગવાનને જૂહારવા, ત્રિકાળ જિનમંદિરે જવું અને નિસ્સિહી પ્રમુખ દશ ત્રિક સાચવી યથાવિધ ઉલ્લસિત ભાવે પ્રભુની દ્રવ્ય–ભાવથી સેવા કરવી.

૬. ઉપાશ્રયે જઇને ગુરૂમહારાજને સદાય વંદન કરવું, અને એકાગ્ર મને સદુપદેશ શ્રવણ કરવો. તેમજ જ્યારે અવસર થાય ત્યારે નિર્દોષ અને સાધુને કલ્પે એવા આહાર પાણી તેમને આપવા. તે પણ વિવેકપૂર્વક લગારે સંકોચ રાખ્યા વગર ઉદાર ચિત્તથી કેવળ પરમાર્થ દાવે દેવા એજ સાર છે.

૭. બીજા બધા દુનિયાદારીના સંબંધ કરતાં સ્વધર્મીનું સગપણ સર્વોપરી જાણી તેમની યથોચિત ભક્તિ કરવામાં ખામી રાખવી નહિ. તેમજ ગમે તો દીન, દુઃખી, અનાથ જનોને દેખી અનુકંપા બુદ્ધિથી તેમને પણ યથોચિત સાહાય્ય કરવી. વિવેકસહિત લક્ષ્મી વાપરનારને પુણ્યની વૃદ્ધિજ થયા કરે છે.

૮. ઘર સંપત્ પ્રમાણે યથાસ્થાને દાન દેવું, અને કદાપિ પણ બળીયા સાથે બાથ ભીડવી નહિ. જે કંઇ વ્રત નિયમ લેવાં તે ગુરૂમુખે સમજીને લેવાં અને તે સારી રીતે પાળવાં પણ પાછાં વિસારી દેવાં નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯. જે કંઇ વ્યાપાર વણજ કે વ્યવસાય કરવો પડે તે શુદ્ધ નીતિરીતિથી પ્રમાણિકપણે કરજે. સ્વકર્તવ્ય સમજીને પ્રમાણિકપણું સાચવજે. દેવા લેવામાં કંઇપણ ન્યૂનાધિકપણું આદરીશ નહિ. કોઇની દાક્ષિણ્યતાદિકથી ખોટી સાક્ષી ભરીશ નહિ. તારા દેવ, ગુરૂ, ધર્મને લાંછન લગાડીશ નહિ અને નબળા લોકોની સંગતિ કરીશ નહિ.

૧૦. ડુંગળી, લસણ, આદુ, મૂળાના કંદ, ગરમર, બટાટા, ગાજર, સકરકંદ, વિગેરે સઘળા જમીનકંદ અને ઘણુંજ સુકોમળ પાંદડાં ( નવાં કુંપળીયાં ) ફળ પ્રમુખ અનંતકાય અને બોળ અથાણું, કાચું મીઠું, કાચા દૂધ, દહીં અને છાશ સાથે કઠોળ ભોજન, જેનો રસ, વર્ણ, ગંધ બદલાઇ ગયા હોય તે, વાસી ભોજન, બે રાત્રી ઉપરનું દહિં અને કાચાં કુણાં ફળ, તુચ્છ ફળ વિગેરે અભક્ષ્ય ભોજન અવશ્ય તજજે.

૧૧. રાત્રી ભોજન કરવામાં ઘણાં પ્રકારનાં દૂષણ સ્વપર શાસ્ત્રમાં જણાવ્યાં છે. એથી શરીરમાં અનેક પ્રકારનાં વ્યાધિ થવાનો ભય રહે છે અને કવચિત્ વિષસંયોગથી પ્રાણ સંકટ થવા ઉપરાંત, પરભવમાં ઘૂડ, વાગોળ કે નોળીયાના અવતાર પ્રાપ્ત થાય છે, એમ સમજી સંતોષ આણીને રાત્રી ભોજન વર્જવું. અને સાજી, સાબુ, લોહું, ગળી, મધાદિનો વ્યાપાર ન કરવો.

૧૨. જેમાં ઘણાં દૂષણ લાગે એવાં અનેરાં કામકાજ પણ તજવાં. અણગળ પાણી પીવાથી ભારે દોષ લાગે છે, માટે ગાળ્યા વગર પીવું નહિ, અને તે સારા ઘટ્ટ વસ્ત્રથી વધારે વખત ગાળવાનો અભ્યાસ રાખવો તથા સંખારો પણ ઢુંપવવો નહિ.

૧૩. કુવા, નદી કે જ્યાંથી જળ આણ્યું હોય તેને બીજે વખતે ગાળ્યા બાદ તેનો સંખારો વાળીને પાછો ત્યાંજ જયણાથી સ્થાપવો. એજ રીતે છાણાં, ઇંધણાં, અને ચુલો પણ પૂંજી પ્રમાર્જીને કામમાં લેવા કે જેથી કોમળ પરિણામવડે પાપ બંધ થતો અટકે અને દયાળુ પરિણામથી પુન્યનો બંધ થઈ શકે. જયણાથી કામ કરતાં તથાવિધ કર્મબંધ થઈ શકે નહિ.

૧૪. અસંખ્ય જીવમય સચિત્ત જળ, ઘીની પેરે જોઈએ તેટલું વાપરજે, અને અણગળ પાણીથી ત્હારાં વસ્ત્રાદિક ધોઇશ નહિ, તેમજ ધોવરાવીશ નહિ. જરૂર પડે ત્યારે પણ બને ત્યાંસુધી અણગલ પાણી વાપરીશજ નહિ. વળી ત્હારા આત્મકલ્યાણ અર્થે ચતુર્થ વ્રત શુદ્ધ મન રાખી પાળજે. તેમાં કંઈપણ દૂષણ લગાડીશ નહિ.

૧૫. પાપની ખાણ જેવાં ૧૫ કર્માદાનના વ્યાપારથી જ્યાં સુધી ચાલે ત્યાં સુધી દૂરજ રહેજે. અંગાર કર્માદિક મહા આરંભવાળા વ્યાપાર કરતાં દયાના પરિણામ ટકે નહિ અને તે વગર શ્રાવકનો ધર્મ સચવાય પણ નહિ. તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં પોતાનો તેમજ પોતાના કુટુંબાદિકનો કશો સ્વાર્થ સમાયો ન હોય એવા નર્થકારી પાપકાર્યનો ઉપદેશ કરીશ નહિ. તથા શસ્ત્રાદિક પાપ ઉપગરણ બીજાને માગ્યાં આપીશ નહિ. જેનાથી આડે રસ્તે દોરાઇ જવાય, પૈસાનો ભાંજવાડ થાય અને લોકમાં બેવકુફ બનાય એવા કુસંગ, વેશ્યાના નાચ, આતસબાજી અને ખેલ તમાસાદિકથી સદંતર દૂરજ રહેજે.

૧૬. સર્વજ્ઞ–વીતરાગ દેવે ઉપદેશેલા તત્ત્વમાં યથાર્થ શ્રદ્ધા રાખી શુદ્ધ દેવ ગુરૂ ધર્મની ઉપર પ્રેમ–ભક્તિ જગાડજે. અને જે કંઇ વચન ઉચ્ચારવાં પડે ...ણવાળાં સ્વપરને હિતરૂપ થાય એવાં, પ્રિય–મધુર અને સત્યજ ઉચ્ચરજે. સર્વથા આરંભ તજી ન શકે તોપણ પાંચ તિથિએ તો અવશ્ય પાપારંભ તજજે ને શિયળ બ્રહ્મચર્યને ભજજે. ઉત્તમ આચાર વિચારનું બને તેટલું સેવન કરજે, પણ ખોટો ડોળડમાક તો રંચમાત્ર પણ રાખીશ નહિ. કેમકે જ્યારે ત્યારે પણ નિશ્ચે સરલ સ્વભાવી (નિષ્કપટી-નિરાગી-નિર્દંભી) નુંજ કલ્યાણ થવાનું શાસ્ત્રમાં કહ્યું છે.

૧૭. છાશ, તેલ, ઘી, દૂધ અને દહીં અથવા એનાં ભાજન જરૂર ઢાંકી રાખવાં, તે ઉઘાડાં મૂકી રાખવાં નહિ જ. જો પુન્યયોગે પૈસો મળ્યો હોય તો તેને સઠેકાણે વાપરવો અને ઉદાર દીલ રાખી બને તેટલો પરોપકાર સાધવો. 'સાધશો તો વાધશો, કરશો તો પામશો, વાવશો એવું લણશો' એ કહેવતો ભૂલી જવી નહિ.

૧૮. ઉત્તમ શ્રાવકની રીતિ મુજબ જો 'વાળુ' કરવું જ હોય તો ચાર ઘડી દિવસ બાકી રહેલો હોય ત્યારે ક્ષુધાના પ્રમાણમાં હલકું (ભારે નહિ એવું) ભોજન કરી લઇ, બે ઘડી દિવસ બાકી રહેતાં ચોવિહાર કરવો. રોગાદિક ખાસ કારણથી એમ વ્હેલાસર બની ન શકે તો છેવટે સૂર્યાસ્ત થયા પહેલાં જરૂર ચોવિહાર કરી લેવો–ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો. એ રીતે દરરોજ ચોવિહાર કરનારને એક વર્ષમાં છ માસી ઉપવાસનું ફળ મળે છે, અને આખી જિંદગી ચોવિહાર કરનાર (સર્વથા રાત્રી ભોજન તજનાર) ને અર્ધી જિંદગીપર્યંત ઉપવાસનું ફળ મળે છે, એમ સમજી જરૂર એ અભ્યાસ શરૂ કરવા સહુ ભાઇ બ્હેનોએ પ્રયત્ન સેવવો. ચોવિહાર કરી જિનમંદિરે જઇ, પ્રભુ દર્શન, ધૂપ દીપક પૂજા કરી, ચૈત્યવંદનાદિક કરીને પછી પ્રતિક્રમણાર્થે–દિવસ સંબંધી લાગેલાં પાપ ટાળી શુદ્ધ થવાને અર્થે–યથા અવસરે ગુરૂ મહારાજ સમીપે આવી પોતાનાં બધા પાપ નિઃશલ્યપણે આલોવવાં. આવી રીતે યથાવિધ લક્ષપૂર્વક પાપ ...ના કરતાં સઘળો ભવસંતાપ દૂર થઇ જાય છે.

૧૯. એ રીતે ઉભય કાળ સંધ્યાસમયની પ્રતિક્રમણ ક્રિયા સાચવવી અને પરમેશ્વર ભગવાનના ચરણનું શરણ સદાય ચિત્તમાં ચાહવું. વળી વિશેષે અરિહંત,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધ, સાધુ અને કેવળીભાષિત ધર્મ એ ચારેનાં શરણુ આદરી, દૃઢ મન કરી, રાત્રે શયન કરતી વખતે સાગારી (અમુક અવધિ-મર્યાદાવાળું) અણુસણુ આદરવું.

૨૦. ઉપર જણાવ્યા એવા ઉત્તમ આચાર વિચારને સેવનારા શ્રાવક શ્રાવિકાઓ શ્રી શત્રુંજય, સમેતશિખર, આબુગઢ અને ગિરનાર પ્રમુખ પવિત્ર તીર્થસ્થળોને ભેટવાનો-સેવવાનો મનોરથ કરે અને તે તે તીર્થક્ષેત્રોને સદ્‌ભાગ્યયોગે ભેટી પોતાનો આ માનવ અવતાર ધન્ય-કૃતાર્થ માને. સ્વજન્મની સફળતા લેખે. તેવાં પવિત્ર તીર્થનો ભેટો કરી આત્મસાધન કરી લેવામાં પોતાનું બળ-વીર્ય ગોપવે નહિ.

૨૧. આ ઉપર વખાણેલી શ્રાવક યોગ્ય કરણી જે ભવ્યાત્માઓ આદરે તે જન્મમરણનો અંત કરી શકે. એમની સાથે લાગેલાં આઠે કર્મ પાતળાં પડી જાય અને બધા પાપના બંધ છૂટી જાય એ વાત નિઃસંદેહ છે.

૨૨. ઉપર વખાણેલી શ્રાવક યોગ્ય કરણી કરવાથી-તેનું યથાવિધ સેવન-આરાધન કરવાથી પ્રથમ તો દેવતા સંબંધી ઉત્તમ સુખ મળે છે અને પછી અનુક્રમે મોક્ષસંબંધી અક્ષય-અવ્યાબાધ સુખ પણ અવશ્ય આવી મળે છે. માટે ઉક્ત કરણી દુઃખહરણી છે એમ શ્રીમાન્ જિનહર્ષજી ઘણા પ્રેમથી જણાવે છે. આમ હોવાથી સુખના અર્થી સહુ ભાઇ બ્હેનોએ જરૂર તેનો આદર કરવો. ઇતિશમ્.

# ज्ञानसार सूत्र विवरण.

## पूजाष्टकम् ( २९ )

**यज्**ધાતુ દેવપૂજામાં પ્રવર્તે છે એથી યાગ-યજ્ઞનો અર્થ દેવપૂજા એવો થાય છે એ સંબંધથી આવેલી દ્રવ્યભાવ પૂજાનું સ્વરૂપ શાસ્ત્રકાર પ્રતિપાદન કરેછે.

પૂજ્યની પૂજા બે પ્રકારની છે. એક દ્રવ્યપૂજા તથા બીજી ભાવપૂજા. શુભ અથવા શુદ્ધ લક્ષથી કરવામાં આવતી દ્રવ્યપૂજા ભાવપૂજાનું કારણ હોવાથી તે યોગ્ય અધિકારી જીવને અધિક ઉપકારી થાય છે. આરંભવાળાં કાર્યમાં રક્ત ગૃહસ્થ દ્રવ્યપૂજાનો મુખ્યપણે અધિકારી છે, અને સર્વ આરંભરહિત મુનિ ભાવપૂજાનાજ અધિકારી છે. વળી ગૃહસ્થ પણ શુદ્ધ લક્ષથી દ્રવ્યપૂજાવડે ભાવને પણ સાધી શકે છે, તેથી તે અંતે ભાવપૂજાનો પણ અધિકારી થઈ શકે છે. માટે સ્વ ઉચિત કર્તવ્ય કરવામાં પ્રમાદ નહિ કરતાં શુદ્ધ લક્ષપૂર્વક આત્માર્પણ કરતાં રહેવું જોઇએ. અત્ર પ્રસ્તાવે પ્રથમ ભાવપૂજાનું સ્વરૂપ પ્રતિપાદન કરે છે. એવા શુદ્ધ સાધ્ય લક્ષથી જો ગૃહસ્થ દ્રવ્યપૂજા કરવામાં આદરવંત થાય તો તે પણ અંતે તેવા ભાવને પામે છે. ભાવનિષ્ઠ રહેવું એ મુનિનું તો ખાસ કર્તવ્યજ છે. માટે તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશીને મુખ્યપણે અત્ર કથન છે, પણ એવું લક્ષ-સાધ્ય ગૃહસ્થને પણ કર્તવ્ય છે.

दयांभसा कृतस्नानः, संतोषशुभवस्त्रभृत् ॥
विवेकतिलकभ्राजी, भावनापावनाशयः ॥ १ ॥
भक्तिश्रद्धानघुसृणो-न्मिश्रपाटीरजद्रवैः ॥
नवब्रह्मांगतो देवं, शुद्धमात्मानमर्चय ॥ २ ॥

ભાવાર્થ—હે મહાનુભાવ ! નિર્મળ દયા-જળથી સ્નાન કરી સંતોષરૂપી શુભ વસ્ત્રને ધારી, વિવેકરૂપ તિલક કરી, ભાવનાવડે પવિત્ર આશયવાળો બની, ભક્તિરૂપ કેશર ઘોળી, તેમાં શ્રદ્ધારૂપ ચંદન ભેળવી, તેમજ અન્ય ઉત્તમ ગુણ-રૂપ કેશર કસ્તુરી પ્રમુખ સુગંધી તત્ત્વ સંયોજી તેવડે નવવિધ બ્રહ્મચર્યરૂપ નવ અંગે શુદ્ધ આત્મારૂપ દેવાધિદેવની તું ભાવથી પૂજા કર. ૧—૨.

क्षमापुष्पस्रजं धर्म-युग्मक्षौमद्वयं तथा ॥
ध्यानाभरणसारं च, तदंगे विनिवेशय ॥ ३ ॥

ભાવાર્થ-પછી ક્ષમારૂપી સુગંધી પુષ્પમાળા તથા દ્વિવિધ ધર્મરૂપ વસ્ત્રયુગળ તથા શુભ ધ્યાનરૂપ શ્રેષ્ઠ આભરણ હે મહાનુભાવ ! તેવા પ્રભુના અંગે તું સ્થાપન કર અર્થાત્ એવા સદ્ગુણોને તું ધારણ કર. એ સદ્ગુણો ત્હારે અવશ્ય ધારણ કરવાં જેવાજ છે. ૩.

मदस्थानभिदात्यागै-र्लिखाग्रे चाष्टमंगलीं ॥
ज्ञानाग्नौ शुभसंकल्प-काकतुंडं च धूपय ॥ ४ ॥

ભાવાર્થ-વળી આઠે મદના ત્યાગ કરવારૂપ અષ્ટમંગળને તું તેમની આગળ આળેખ. તથા જ્ઞાન-અગ્નિમાં શુભ અધ્યવસાયરૂપ કૃષ્ણાગરૂનો ધુપ કર. ૪.

प्राग्धर्मलवणोत्तारं, धर्मसंन्यासवह्निना ॥
कुर्वन् पूरय सामर्थ्य-राजन्नीराजनाविधिं ॥ ५ ॥

ભાવાર્થ-શુદ્ધ ધર્મરૂપી અગ્નિવડે અશુદ્ધ ધર્મરૂપી લૂણ ઉતારીને દેદીપ્યમાન વીર્યોલ્લાસરૂપી આરતી ઉતાર, એટલે સરાગવૃત્તિ તજી-વીતરાગ વૃત્તિ ધાર-ધારવાનો ખપી થા. સરાગદશા એ આત્માનો અશુદ્ધ-વિભાવિક ધર્મ છે. અને વિતરાગ દશા એ શુદ્ધ સ્વાભાવિક આત્મધર્મ છે. માટે અશુદ્ધ આત્મદશાને તજી શુદ્ધ આત્મદશાનો કામી થા. ૫.

स्फुरन् मंगलदीपं च, स्थापयानुभवं पुरः ॥
योगनृत्यपरस्तौर्य-त्रिक संयमवान् भव ॥ ६ ॥

ભાવાર્થ-શુદ્ધ આત્મ-અનુભવરૂપ દેદીપ્યમાન મંગલદીવાને તું આત્મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુની આગળ ધર, અને યોગાસેવન રૂપ નૃત્ય કરતાં સુસંયમરૂપ વિવિધ વાજીંત્ર બજાવ. અર્થાત્ સદ્બુદ્ધિથી તત્ત્વ પરીક્ષા કરી શુદ્ધ અનુભવ જગાવ, અને એમ કરી પ્રમાદ વેરીને દૂર તજી સાવધાન થઇ શુદ્ધ સંયમનું સેવન કરવા પ્રવૃત્ત થા. એટલે રત્નત્રયીનું યથાવિધ પાલન કર. ૬.

उल्लसन्मनसः सत्य–घंटां वादयतस्तव ॥
भावपूजारतस्येत्थं, करक्रोडे महोदयः ॥ ७ ॥

**ભાવાર્થ**–વળી સત્ય–ઘંટાવાદને કરનારા, ઉલ્લસિત મનવાળા અને આ રીતે ભાવપૂજામાં મગ્ન થયેલા એવા ત્હારો મહોદય હથેળીમાંજ ( સુલભ ) છે. તાત્પર્ય કે શ્રીવીતરાગ પ્રભુના પવિત્ર વચનાનુસારે વર્તી સત્ય પ્રરૂપણા કરનારા પ્રસન્ન ચિત્તવાળા સાત્વિક પુરૂષોજ પરમાત્મ પ્રભુની પવિત્ર આજ્ઞાના અખંડ પાલનરૂપ ભાવપૂજાના પૂર્ણ અધિકારી હોવાથી પરમપદને સુખેથી પામી શકે છે, પણ સ્વચ્છંદચારી, કલુષિત મનવાળા કાયર માણસો પામી શકતા નથી, એમ સમજી પરમપદના અર્થીજનોએ સ્વછંદ–ચારિતા, કલુષતા, તથા કાયરતા પરિહરી, શાસ્ત્ર-પરતંત્રતા, કષાયરહિતતા, તથા અપ્રમત્તતા આદરવાના અવશ્ય ખપી થવું જોઇએ. ૭

द्रव्यपूजोचिता भेदो–पासना गृहमेधिनां ॥
भावपूजा तु साधूना–मभेदोपासनात्मिका ॥ ८ ॥

**ભાવાર્થ**—આ ભાવપૂજામાં પ્રસ્તાવે કહેલી દ્રવ્યપૂજા મુખ્યપણે વ્યવહારદૃષ્ટિ એવા ગૃહસ્થોનેજ આદરવા યોગ્ય છે. અને ભાવપૂજા તો મુખ્યપણે નિશ્ચયદૃષ્ટિ એવા મુનિરાજોનેજ ઉપાસવા યોગ્ય છે. કલ્યાણ પણ તેમજ સંભવે છે. ૮.

સુ. ક. વિ.

**વિવેચન**—આ અષ્ટકમાં પૂજા શબ્દે દ્રવ્યપૂજા ને ભાવપૂજા બંનેનો સમાવેશ છે, પરંતુ ખરી રીતે ભાવપૂજાનું સ્વરૂપજ બતાવ્યું છે. દ્રવ્યપૂજામાં જળાદિક જે જે પદાર્થો જોઇએ–જે સાધનોવડે પરમાત્માની પૂજા કરી શકાય તે તે જગ્યાએ ભાવપૂજામાં શું શું ભાવો જોઇએ કે જેનાવડે આત્મારૂપ પરમાત્માની વાસ્તવિક પૂજા થાય તે આમાં બતાવ્યું છે. તે અત્ર પૃથક્ પૃથક્ વિભાગ પાડીનેજ બતાવવામાં આવે છે.

| દ્રવ્યપૂજામાં | ભાવપૂજામાં |
|---|---|
| સ્નાન માટે નિર્મળ જળ. | **દયા રૂપ જળ.** |
| નિર્મળ ઉત્તમ વસ્ત્ર. | **સંતોષ રૂપ વસ્ત્ર.** |
| ઉત્તમ કેશર ચંદનનું તિલક. | **વિવેક-રૂપ તિલક.** |
| પવિત્ર શરીર. | **ભાવના રૂપ પવિત્ર આશય.** |
| કસ્તુરી મિશ્ર ચંદનનું પ્રભુને વિલેપન. | **ભક્તિ યુક્ત શ્રદ્ધાન–તદ્રૂપ વિલેપન.** |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| પ્રભુના નવ અંગે પૂજા. | **બ્રહ્મચર્ય**ના નવ અંગની પૂજા (પ્રાપ્તિ). |
| દેવાધિદેવની પૂજા. | **શુદ્ધ આત્માની** પૂજા. |
| ઉત્તમ પુષ્પોની માળા. | **ક્ષમારૂપ** પુષ્પમાળા. |
| ક્ષોમદ્રય ( બે વસ્ત્ર ) બે બાજુ ઢોવાના. | **બે પ્રકારના ધર્મ** રૂપ વસ્ત્ર યુગળ. |
| સુંદર આભરણ. | **ધ્યાનરૂપ** આભરણ. |
| અષ્ટમંગળનું આલેખન. | **આઠ મદસ્થાનનો ભંગ** કરવારૂપ અષ્ટ મંગળ. |
| અગ્નિમાં કૃષ્ણાગુરૂનો ધૂપ. | **જ્ઞાન**રૂપ અગ્નિમાં **શુભસંકલ્પ**રૂપ કૃષ્ણાગુરૂનો ધૂપ. |
| લૂણ ઉતારી અગ્નિમાં ક્ષેપવું. | **શુદ્ધ ધર્મ** રૂપ અગ્નિમાં અશુદ્ધ ધર્મ રૂપ લૂણનું ક્ષેપવું. |
| આરતિ ઉતારવી. | **પુણ્યસામર્થ્ય** રૂપ આરતિ ઉતારવી. |
| મંગળ દિપક સ્થાપવો. | **અનુભવ** રૂપ સ્કુરાયમાન દિપક મૂકવો. |
| નૃત્ય કરવું. | **યોગ** રૂપ નૃત્ય કરવું. |
| ત્રણ પ્રકારના વાજીત્રો વજાડવા. | **રત્નત્રયી** (સંયમ) રૂપ વાજીત્ર વજાડવા. |
| ઘંટા વજાડવી. | **સત્ય**રૂપ ઘંટા બજાવવી. |
| આ બધી દ્રવ્યપૂજાયોગ્ય ભેદોપાસના— | આ ભાવપૂજાયોગ્ય અભેદોપાસના. |
| અધિકારી–ગૃહસ્થ. | અધિકારી–સાધુ મુનિરાજ. |

આ અર્થસૂચક એક પદ્યરચના છે તે અહીં ઉપયોગી જણાવાથી દાખલ કરી છે.—

વીર જિનેશ્વર સાહિબ સુણજો, અરજ કરૂં છું જગ ધણીરે. એ ટેક.
દયાવારિથી[1] સ્નાન કરીને, સંતોષ ચીવર[2] ધારિયેરે;
વિવેકતિલક અતિ અંગ[3] કરીને, ભાવના પાવન[4] આશયેરે. વીર૦ ૧.
ભક્તિકેશર ઘોળ[5] કરીને, શ્રદ્ધાચંદન ભેળીએરે;
સુગંધી [6]સદ્દ્રવ્ય મેળીને, નવ બ્રહ્માંગ[7] જિન અર્ચીએરે. વીર૦ ૨.
ક્ષમાસુગંધિ સુમનસદામેં,[8] દુવિધ ધર્મ ક્ષોમ[9] યુગવરે રે;
ધ્યાન અભિનવ[10] ભુષણ સારે, અર્ચી અમે ઘણું હર્ષિયે રે. વીર૦ ૩.
આઠે મદના ત્યાગ કરણરૂપ, અષ્ટ મંગળ આગે થાપીએરે;
જ્ઞાન હુતાશન[11] જનિત શુભાશય, કૃષ્ણાગુરૂ[12] ઉખેવીએરે. વીર૦ ૪.
શુદ્ધ અધ્યાત્મ જ્ઞાન વહ્નિથી,[13] પ્રાગ્ધર્મ[14] લવણ ઉતારીએરે;
યોગ સુવૃત્યુલ્લાસ કરંતા, નીરાજના[15] વિધિ પૂરીએરે. વીર૦ ૫.

---

૧ જળ. ૨ વસ્ત્ર. ૩ મનોહર. ૪ પવિત્ર. ૫ રસ, ઘોળ. ૬ ઉત્તમ ૭ બ્રહ્મચર્ય. રૂપ. ૮ પુષ્પમાળા. ૯ વસ્ત્ર યુગલ. ૧૦ અપૂર્વ. ૧૧ અગ્નિ. ૧૨ ઉત્તમ ધૂપ. ૧૩ અગ્નિ. ૧૪ પૂર્વ અશુદ્ધ ધર્મ. ૧૫ આરતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આતમ અનુભવ જ્ઞાન સ્વરૂપી, મંગલ દીપ પ્રજાળીએરે;
યોગ ત્રિક શુભ નૃત્ય[૧૬] કરંતા, સહજ રત્નત્રયી[૧૭] પામીએરે. વીર૦ ૬.
સત્યમયિ[૧૮] સુઘોષાં[૧૯] બજાવી, રોમ રોમ ઉલ્લાસીએરે;
ભાવપૂજા લયલીન હોવંતા, અચલ મહોદય પામીએરે. વીર૦ ૭.
ભાવપૂજા અભેદ ઉપાસક,[૨૦] સાધુ નિગ્રંથે અંગીકરીરે;
દ્રવ્યપૂજા ભેદ ઉપાસક, ગૃહ-મેધીને[૨૧] નિત્ય વરીરે. વીર૦ ૮.
દ્રવ્યશુદ્ધિ ભાવશુદ્ધિ કારણ, જિન આમ્નાય[૨૨] અવધારીએરે;
ધ્યાતા ધ્યેય ધ્યાનરૂપ એકે, અજર અમર પદ પામીએરે. વીર૦ ૯.
આલંબન નિરાલંબન ભેદે, ધ્યાન હુતાશ જલાવીએરે;
કંચનોપલને[૨૩] ન્યાયે કરીને, ચૈતન્યતા[૨૪] અજવાળીએરે. વીર૦ ૧૦.
કર્મ કઠીન ઘન નાશ કરીને, પૂર્ણાનંદતા પામીએરે;
રમતાં નિત્ય અનંત ચતુષ્કે,[૨૫] વિજય લીલા નિત્ય જામીએરે. વીર૦ ૧૧.

દ્રવ્યપૂજાકારક ગૃહસ્થ પણ શુભભાવ સંયુક્ત દ્રવ્યપૂજા કરતો સતો ભાવપૂજાનો અધિકારી થાય છે. તેનું લક્ષ્ય-સાધ્યબિંદુ ભાવપૂજાજ હોય છે. જેઓ ગૃહસ્થ છતાં દ્રવ્યપૂજાની ઉપેક્ષા કરી ભાવપૂજાની વાતો કરે છે તેઓ બંને પ્રકારની પૂજા કરવાથી ભ્રષ્ટ થાય છે અને કારણવિના કાર્યની ઉત્પત્તિ માનવાથી સુજ્ઞોની દૃષ્ટિએ પણ મૂર્ખ ગણાય છે.

આ આખા અષ્ટક ઉપરથી સાર એ ગ્રહણ કરવાનો છે કે દ્રવ્યપૂજાના રસિક પૂજકોએ સાધ્યબિંદુ જે ભાવપૂજાનું છે તે ભૂલી ન જવું અને ભાવપૂજાના રસિકોએ દ્રવ્યપૂજા ભાવપૂજાના બળવાન કારણભૂત છે તે ભૂલી ન જવું. દ્રવ્ય-પૂજાકારકે ભાવપૂજામાં બતાવેલા દયા, સંતોષ, વિવેક, ભાવના, ભક્તિ, શ્રદ્ધા, બ્રહ્મચર્ય, ક્ષમા, ગૃહસ્થ ને મુનિનો ધર્મ, ધ્યાન, મદત્યાગ, જ્ઞાન, શુભસંકલ્પ, અશુદ્ધ ધર્મનું ત્યજન, પુણ્ય સામર્થ્ય, અનુભવ, યોગ, રત્નત્રયી ને સત્ય-ઇત્યાદિ આત્મભાવોને ભૂલી ન જતાં અહર્નિશ તે મેળવવા તત્પર રહેવું અને ક્રમેક્રમે તે તે ગુણો-તે તે ભાવો પોતામાં કેટલાં આવ્યાં છે-કેટલા પ્રગટ્યા છે-કેટલા વધ્યા છે તેનું ધ્યાન રાખવું. આ પ્રમાણે કરવાથી દ્રવ્યપૂજાકારક ભાવપૂજા કરશે અને ભાવપૂજાનો અધિકારી હશે તો આત્મોન્નતિમાં આગળ વધી સ્વસ્વરૂપને સંપૂર્ણપણે મેળવશે. ઇત્યલમ્.

---

૧૬ મન વચન અને કાયાની સત્પ્રવૃત્તિ. ૧૭ સમ્યગ્ જ્ઞાન દર્શન અને ચારિત્ર. ૧૮ ઉત્તમ પરિણામ. ૧૯ ઘંટા ૨૦ સેવક. આરાધના કરનાર. ૨૧ ગૃહસ્થ, શ્રાવક. ૨૨ ફરમાન. ૨૩ સુવર્ણ અને મીટી ( માટી ) ના દ્રષ્ટાંતે. ૨૪ આત્મ સ્વરૂપ. ૨૫ અનંત જ્ઞાન, દર્શન. ચારિત્ર અને વીર્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સત્સંગ (સમ્રમ સૌજન્ય.)

( લેખક કાપડીયા મોતીચંદ ગીરધરલાલ. સોલીસીટર. )

( અનુસંધાન પૃષ્ઠ ૩૫૧ થી. )

સત્સંગ વાણીમાં સત્યનું સિંચન કરે છે એ તેનો એક વિશેષ લાભ છે. તે સાચું બોલવાની સલાહ આપે છે એટલુંજ નહિ પણ સત્યનું સિંચન કરે છે, એટલે સત્યની પોષણા કરે છે. આ ઘણી અગત્યની વાત થઈ, એ તો સમજાય તેવી હકીકત છે કે અમુક બાબતમાં સત્ય બોલવું કે અસત્ય બોલવું એ સંબંધમાં જો સુજ્ઞ મનુષ્યની સલાહ લેવામાં આવે તો તે સાચું બોલવાનીજ સલાહ આપે. કારણ તેને અનુભવથી નિર્ણય થયેલો હોય છે કે સત્યનો આખરે જરૂર જય થાય છે, કદાચ થોડો વખત ખોટું બોલનાર માણસો ફાવી જાય કે ગમે તેમ થાય પણ આખરે અસત્ય બોલનાર પાછો પડે છે, ઉઘાડો પડે છે અને તિરસ્કારને પાત્ર થાય છે. આટલી હદ સુધી તો સાધારણ પ્રાકૃત માણસ પણ રહસ્ય સમજી અને સમજાવી શકે છે. સત્સંગથી તો એથી વિશેષ લાભ થાય છે. જેમ નાના કુમળા છોડવાને જળના સિંચનથી પોષણ મળે છે તેમ સત્સંગથી વાણીમાં સત્યને પોષણા મળે છે. એને પરિણામે તેની વાણીનું બંધારણજ એવા પ્રકારનું થઈ જાય છે કે એને અસત્ય બોલવું એ તદ્દન અસ્વાભાવિક, વિરસ અને ખરાબ લાગે છે. વારંવાર સત્સંગના પ્રસંગોમાં અસત્ય બોલનારને કેવી ભયંકર સ્થિતિમાંથી પસાર થવું પડે છે, ચિત્તમાં કેટલી ફીકર રહે છે અને ખોટી વાત પકડાઈ જવા માટે તેને કેવા કાવાદાવા કરવા પડે છે તેની વિચારણા ચાલતી હોવાથી સત્યને પોષણ મળે છે અને તેને મનમાં નિર્ણયજ થઇ જાય છે કે ગમે તેટલા ભોગે પણ સત્ય માર્ગ છોડવો નહિં. સત્સંગ પ્રાણીને સમજાવે છે કે તાત્કાળિક લાભ જોવાની ટેવ મૂકી દઇ વિશાળ દીર્ઘદૃષ્ટિ રાખી સર્વ બાબતપર વિચારણા કરવાથી સત્ય બોલવાની ખાસ જરૂર છે, વ્યવહાર નભાવવા માટે પણ તેજ ઉત્તમ માર્ગ છે, મનને શાંતિમાં રાખવાનો તે અપ્રતિહત રસ્તો છે અને સ્થૂળ તેમજ આત્મીય ઉન્નતિનો તે પવિત્ર માર્ગ છે. આવા આવા અનેક વિચારોને પરિણામે અસત્ય બોલનારની સ્થિતિનું તે બારીક અવલોકન કરી સત્ય માર્ગપર આવી જાય છે અને તે તેને એટલું સ્વાભાવિક થઇ પડે છે કે અસત્ય બોલવાનો વિચાર પણ તેના મગજમાં આવતો નથી. આવી રીતે સત્યની પોષણા થતી એ સત્સંગનું પરિણામ છે. સાધારણ રીતે સત્ય તો બોલાયાજ કરે છે, પરંતુ સત્ય બોલવાનાજ અંકુરો ઉઠે, અસત્યનો વિચાર પણ ન આવે અને ગોપી રેખાપર ગાદ્યા જવાનુંજ મન થાય એ સત્યનું સિંચન છે અને એવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિતિ સત્સંગના પ્રતાપે થાય છે. આપણે કેટલાક યોગ્ય માણસોના ચારિત્ર્યથી એટલા રંજિત થયેલા હોઇએ છીએ કે તેઓ કદિ અસત્ય બોલે એમ ધારી પણ શકાય નહિ એમ આપણને લાગે છે. એવી રીતનું સત્યનું સિંચન થવું એ સત્સંગથી થાય છે, અન્યનાં શુભ દૃષ્ટાન્તોની વિચારણા અને ચર્ચાથી થાય છે અને સજ્જન પુરૂષો અથવા મહાત્માઓના પ્રસંગ અને વિશેષ પરિચયથી થાય છે. દ્રોણાચાર્યને મનમાં નિર્ણય હતો કે યુધિષ્ટિર કદિ અસત્ય બોલેજ નહિ અને તેથી 'અશ્વત્થામા પડ્યો' એ વાક્ય એણે તદ્દન સાચું માન્યું અને તેના ઉપર કામ લીધું. લડાઈના પ્રસંગમાં યુધિષ્ટિરને તો આ પ્રપંચજ કરવો પડ્યો હતો કારણકે 'નરો વા કુંજરો વા' એ શબ્દ એટલા ધીમા બોલ્યા કે તે ન બોલવા બરાબર હતું, પરંતુ અત્ર હકીકત એ છે કે સત્ય પ્રતિષ્ઠિત મહા પુરૂષો ગમે તેવા પ્રસંગમાં પણ અસત્ય બોલતા નથી એ નિર્ણય છે અને અન્ય સામો મનુષ્ય તેમજ ધારી લે તો તેમાં નવાઇ નથી.

ભર્તૃહરિના કહેવા પ્રમાણે સત્સંગથી ત્રીજો લાભ એ થાય છે કે એ માન અને ઉન્નતિને બતાવી આપે છે. જે પ્રાણીની મરજી આ સંસારમાં રહી ગૃહસ્થ તરીકે માનવંતી જીંદગી ગાળવાની હોય, વ્યવહારમાં ફતેહમંદ આયુષ્ય ગાળી સગા સંબંધી, મિત્ર અને સ્નેહીઓ તરફથી માન મેળવી વ્યવહાર કુશળ ગણાવાની હોય તો તેનો માર્ગ સત્સંગ બતાવે છે એટલે કેવા પ્રકારના વર્તનથી વ્યવહારમાં ખરૂં માન મળે, યોગ્ય રીતે મળે અને કદિ પાછું તે અપમાનમાં ફેરવાઇ ન જાય તે સત્સંગ બતાવી આપે છે. ઘણા મનુષ્યોને સંસારમાં રહીને જીવન પૂર્ણ કરવાનું હોવાથી આ બહુ અગત્યની બાબત ગણવામાં આવી છે. મોટો ભાગ ઉપર ઉપરના દેખાવથી સુંદર વર્તન કરતો જણાય છે પરંતુ અંદર પ્રપંચ પરંપરા ચાલતી હોય છે. આવા પ્રાણીઓ અંતે મેળવેલ આબરૂ ખોઇ બેસે છે અને બહુ તિરસ્કાર પામે છે. અનેક શેઠીઆઓને આવી રીતે અપ્રમાણિક વર્તનને અથવા અધમ વિષયવૃત્તિને આધીન થતા અને આખરે મેળવેલ ધન અને આબરૂ મૂકી ખરાબ રીતે મરણ પામતા પ્રત્યક્ષ જોઇએ છીએ એનું કારણ ઉપરનો દંભ અને અંદરની વિષયપિપાસા અને લોભ તથા તેના સહાનુયાયી અનેક દુર્ગુણો હોય છે એમ સહજ જણાય છે. સત્સંગ સમજાવે છે કે એવા ખોટા દેખાવ કરવાની રીતને બાજુ ઉપર મૂકી દઈ સત્ય માર્ગપર સત્યની ખાતર પ્રેમ લાવીને ચાલો, પોતાના અને પારકા હકો સમજો અને અન્યને ભોગે પોતે સુખ મેળવવાની વૃત્તિનો ત્યાગ કરો. જેઓ સત્સંગના પ્રસંગો અનુભવતા નથી એટલે જેઓને પોતાથી વિશુદ્ધ વર્તનવાળાની અથવા મહાત્માઓની સોબત હોતી નથી તેઓ આ રહસ્ય કદિ સમજતા નથી અને પરિણામે અનેક પ્રકારના પ્રપંચ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રની બહુ તિરસ્કાર ટીકા અથવા નિઃસાસા મેળવી આયુષ્ય પૂર્ણ થયે ચાલ્યા જાય છે અને તે વખતે જેમ હારી ગયેલો જુગારી પૈસા મૂકી ચાલ્યો જાય છે તેમ મેળવેલ ધન બહુધા તો પ્રથમથી ખોઈને અને નહિ તો મૂકીને ચાલ્યા જાય છે. આવી રીતે તેઓની જીંદગી અતિ કિલષ્ટ હોઈ નકામી ભારરૂપ અને વર્તમાન અને ભવિષ્યમાં તેમની જાતનેજ દુઃખ આપનારી થાય છે. સત્સંગ ઉપર જણાવ્યું તેમ અતિ વિશુદ્ધ માર્ગ બતાવી પ્રાણીને માનસર સુંદર જીવન આપે છે અને તેવી સ્થિતિ તેની જળવાઈ રહે તે માટે તેને વિચારસામગ્રી પૂરી પાડે છે. આબરૂ સાથે સુંદર જીવન ગાળનારનું ચારિત્ર ઉત્તમ રહે છે, પ્રેમમય જીવન રહે છે, સદા આનંદ રહે છે અને ગમે તે સંયોગોમાં તેની સ્થિતિસ્થાપકતા દૂર થતી નથી-આવી અતિ ઉદાત્ત સ્થિતિ સત્સંગ શીખવે છે. ગરીબાઈમાં પણ સરખાઈ લાવનાર, દીનતામાં સુખ મનાવનાર, ઐશ્વર્યમાં ચકડોળે ચડવા ન દેનાર સત્સંગ સર્વ અવસ્થામાં પ્રમાણીક સત્ય માર્ગે સંતોષથી જીવન ગાળી સ્વપરનું સ્થિતિ સંયોગ અને શક્તિ અનુસાર હિત કરવાનું શીખવી જેને Honourable life એટલે આબરૂસરનું જીવન કહેવામાં આવે છે તે બતાવી આપે છે. અહીં પૈસા કેટલા મેળવ્યા? તેપર જીવનની ફતેહ સમજવાની નથી, પરંતુ કેવું જીવન ગાળ્યું? તેપરજ વિચારણા છે. ધન વિશેષ હો કે ન હો તે અપ્રસ્તુત છે એ વાત લક્ષ્યમાં રાખવાની છે, કારણ કે જીવનની ફતેહ સોનાના ઢગલા ઉપર નથી, પણ માનસિક પરિવર્તન, સંતોષ અને આત્મિક ઉન્નતિ ઉપર છે.

હવે સત્સંગ આત્મિક ઉન્નતિને અંગે કેવો મોટો ફેરફાર કરે છે તે પણ વિચારવાનું સહજ પ્રાપ્ત થાય છે, કારણકે કેટલાક ગૃહસ્થ તરીકે જીવન ગાળવાનો વિચાર કરે છે ત્યારે કેટલાક તેથી આગળ વધી વિશિષ્ટ જીવનનો માર્ગ તપાસવા વિચાર કરે છે. આવા પ્રકારના પ્રાણીઓને સત્સંગ માનવંતી રીતે આત્મોન્નતિ કેવી રીતે થાય તે બતાવી આપે છે. ત્યાં ખાસ અગત્યની બાબત તેને એ પ્રાપ્ત થાય છે કે આત્માની ઉન્નતિ કરવાની બાબતમાં દંભનો ત્યાગ કરવો. એક જીવનમાં સર્વ પ્રકારની ઉન્નતિ ન થાય તો ક્રમસર ધીમી ધીમી થાય છે, પરંતુ પોતામાં જે સદ્ગુણો ન હોય તે બતાવવાની અથવા છે તેમ મનાવવાની અથવા અન્યમાં હોય તેને હલકા પાડવાની દાંભિક વૃત્તિ જો થાય તો પ્રગતિ અટકી પડે છે, પ્રાણી પાછો પડે છે અને તેને પરિણામે ભવાન્તરમાં તેની ઉત્ક્રાન્તિ થઈ શકે તેમ હોય તો તે પણ બંધ પડી જાય છે. સત્સંગ આવા બાહ્ય દેખાવ કરવાની વૃત્તિમાં રહેલ વિરસભાવ સમજાવી પ્રાણીને બરાબર સત્ય માર્ગપર લઈ આવે છે, નહિ તો દંભ કરવાની હકીકત એટલી સ્વાભાવિક થઈ પડે છે-એમાં એવી મીઠાશ આવે છે કે જાણતા અજાણતા તેની લાલચમાં ઘણા પ્રાણીઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લપટાઈ પડે છે. આવી રીતે બાહ્ય દેખાવ કરવાની ટેવ પડવાથી સાચા સદ્ગુણો પ્રાપ્ત કરવાની વૃત્તિ પણ રહેતી નથી, કારણકે તેને પ્રેરકભાવનો નાશ થવાથી મૂળ બાબત તરફ જવા મન થતું નથી. આત્મોન્નતિ વગરનું જીવન નકામું છે. સંસારયાત્રાની સફળતા આત્મોન્નતિ પર છે અને જેટલે દરજ્જે આગળ પ્રગતિ થાય છે તેટલો સાધ્ય તરફનો માર્ગ ઓછો થતો જાય છે. દેખાવ કરવાની ટેવ બંધ પડવા સાથે વસ્તુતઃ ઉન્નતિ કેવા વર્તન પર આધાર રાખે છે, તેમાં કેવી વિચારણા, આચરણા અને ચર્યા જોઈએ, તે માટે શું પ્રયત્નો કરવા જોઈએ, તેનો સ્પષ્ટ વિચાર થાય છે અને આખરે પ્રાણી ધીમી કે ઉતાવળી પ્રગતિ કરતો જાય છે. એમાં પણ જ્યારે જ્યારે સ્ખલના થવાનો સંભવ થાય ત્યારે ત્યારે સત્સંગ તેને ચેતાવે છે, સમજાવે છે અને માર્ગપર લઈ આવે છે. સત્સંગના પ્રતાપે આ પ્રમાણે કુમાર્ગ મૂકી દઈ માર્ગ પર આવી જવાય છે અને ગમે તેમ થાય તોપણ ભવને છેડે નુકશાન કરી જીવન એળે ગુમાવી ભવ હાર્યા જેવી સ્થિતિ તો થતીજ નથી. ગૃહસ્થ તરીકે ઉત્તમ ફરજ બજાવવાથી માનવંત જીવન ગાળવાનો પ્રસંગ મળે છે, તેમાં પણ આત્મોન્નતિ થાયછે. અને વિશેષ ત્યાગ કરવાનો પ્રસંગ બને છે, તેમજ સર્વથા ઉન્નત જીવન ગાળી દેશસેવા, કોમસેવા કે ધર્મસેવામાં જીવન ગાળવા વિચાર થાય તો ત્યાં પણ આત્મોન્નતિનો માર્ગ સત્સંગ બતાવી આપે છે અને સર્વત્ર તે પ્રાણીને નીચો તો ઉતરવા દેતોજ નથી.

'સત્સંગ પાપને દૂર કરેછે' એમ ઉપરોક્ત શ્લોકમાં આગળ જણાવવામાં આવ્યું છે તે પણ વાસ્તવિક છે. ઉન્નત જીવન ગાળવાથી તથા સત્યનું પોષણ થવાથી નવીન પાપ બાંધવાના પ્રસંગો દૂર થાયછે તે તો આપણે ઉપર જોઇ ગયા છીએ, પણ તદુપરાંત સત્સંગ પાપને દૂર કરેછે એટલે એક તો પાપ કરવાની લાલચો આવે તેને લાત મારવાનું શીખવેછે અને બીજું કોઇ વખત પાપસેવન થઇ ગયું હોય તેને માટે પશ્ચાતાપ, ક્ષમાયાચના, ભવિષ્યમાં નહિ કરવાનો નિર્ણય વિગેરે કરાવી થયેલ પાપને દૂર કરેછે. સત્સંગનું આ પરિણામ આત્મનિરીક્ષણને અંગે થાયછે. જયારે જયારે પોતાની પશ્ચાત્ જીદંગીપર પ્રાણી વિચાર કરે છે ત્યારે ત્યારે જો તેનામાં સદ્બુદ્ધિ હોય તો થઇ ગયેલ પાપો માટે તેને પશ્ચાતાપ થાય છે. તેને મનમાં એમ થાયછે કે જરા થોડી લાલચને વશ થઇ પોતે આત્મધન ગુમાવ્યું, થોડા પૈસા ખાતર પ્રમાણિકપણું ગુમાવ્યું, થોડી ઇંદ્રિયતૃપ્તિ ખાતર વિષયસુખ ભોગવવાની લાલચે જ્યાં ત્યાં મોઢું નાંખ્યું, અન્યને હલકા પાડવા તેના અવર્ણવાદ બોલ્યા—આવા આવા અનેક પ્રસંગો યાદ આવેછે. સાથે જણાય છે કે એવું ધન ટક્યું નહિ, વિષયોએ આપેલો અથવા તેના ભોગમાં માનેલો આનંદ ટક્યો નહિ, અત્યારે તેની ગંધ પણ નથી, છતાં આવી નકામી બાબતમાં ભૂલ કરી પોતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મગૌરવ ન રહે તેવી વર્તના કરી તે મૂર્ખતા હતી, મંદતા હતી, વિચારીપણાની ગેરહાજરી હતી. આવી રીતે આત્મવિચારણા કરતાં તેને જે ખેદ થાય છે તેથી પ્રાપ્ત કરેલ પાપ દૂર થાય છે અથવા તેનો રસ મંદ થઇ જાય છે અને પરિણામે ભૂત-જીવનની ભૂલો સુધરે છે અને ભવિષ્યત્ જીવન સુંદર બની જાય છે. આ આત્મ-નિરીક્ષણની ટેવનો સત્સંગ ઉપર બહુ આધાર રહે છે. બહુધા પ્રાણી પોતાની જાત ઉપર એવો મક્કમ રહે છે, એને પોતાના સાધારણ કામની એટલી મોટી કિંમત હોય છે અને પોતાની સમજણ માટે એવો ઉંચો ખ્યાલ હોય છે કે એ આખી દુનિયાની અક્કલ પોતામાં માને છે અને અન્ય સર્વની ગણના કરતો નથી. જ્યારે તે સત્સંગ કરે છે ત્યારે વિશ્વમાં પોતાનું સ્થાન કયું છે અને પોતાની ગણતરી કયાં છે અને પોતે કેવી ભૂલો કરે છે એ સર્વ વિચાર કરવાની પ્રેરણા થાય છે અને એ પ્રમાણે કરવા પછી તેની સ્થિતિમાં મોટો તફાવત પડી જાય છે. આપણે એક ભિખારી અથવા રોગીને બરાબર વાત કરતો સાંભળ્યો હોય તો જણાશે કે તેને તેની ભીખ માગવાની આવડત ઉપર પણ અભિમાન હોય છે; અને એ પ્રમાણે સર્વ માટે સમજવું. અજ્ઞાન અને અભિમાનને બહુ વધારે નજીકનો સંબંધ છે. આવા પ્રકારની અભિમાનવૃત્તિમાંથી પ્રાણીને ઉંચા લઇ આવી સત્ય માર્ગપર પ્રવૃત્તિ કરાવનાર સત્સંગ છે અને તે આત્મવિચારણાદ્વારા પ્રાણીનાં પાપ દૂર કરાવે છે.

'સત્સંગ ચિત્તની પ્રસન્નતા રાખે છે' એ તેનો એક વિશેષ લાભ ભર્તૃહરિના ઉપરોક્ત શ્લોકમાં બતાવવામાં આવ્યો છે એ સુસ્પષ્ટ છે. જ્યારે સુંદર વર્તન કરવામાં આવે ત્યારે ખરાબ વર્તનથી મન ઉપર જે બોજો રહે છે તે દૂર થઈ જાય છે. એક સાધારણ દૃષ્ટાંતથી આ વાત આપણે સ્પષ્ટ કરીએ. બસેં પાંચસેં રૂપિયા જો ખોટું બોલવામાં આવે તો મળે એવો પ્રસંગ પ્રાપ્ત થયો છે એમ ધારો, અહીં પ્રાણી જો વિચારવાન્ અને સત્સંગ કરનાર ન હોય તો તે લાલચમાં ફસાઇ જાય છે અને ખોટું બોલી પૈસા મેળવે છે. પછી એને પકડાઇ જવાનો ભય થાય છે. એક બોલેલ અસત્યને નીભાવવા હજારો ખોટાં બોલવાં પડે છે, અનેક કાવાદાવા કરવાં પડે છે અને મનમાં એવા ગોટાળા ચાલે છે કે તે અવલોકન કરવાથીજ જણાય. એટલું કરતાં છતાં પણ આ પ્રાણી તેમાંથી છૂટી શકતો નથી, કોઇવાર તેને નભાવવા સોગનપર ખોટી સાક્ષી પણ આપવી પડે છે અને વળી તેમાં પકડાઈ જાય તો અનેક પ્રકારે હેરાનગતિ પ્રાપ્ત થાય છે અને એ સર્વ વખત દરમ્યાન મનપર એટલો મોટો બોજો રહે છે કે તેનું વર્ણન કરવા કવિની પ્રબળ કલમ જોઇએ. અંતે તો સત્ય તરી આવ્યા વગર રહેતું નથી અને આ પ્રમાણે અસત્ય બોલવાથી આબરૂ જાય છે, વ્યવહાર હલકો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડે છે અને વિશ્વાસ ખોઈ બેસવાનું કારણ બને છે. હવે સત્ય બોલી લાલચને લાત મારનારાના મનની સ્થિતિ તપાસીએ તો તેને એક જાતનો ત્યાગ ભાવમાં આનંદ થાય છે, ફરજ બજાવ્યાના ખ્યાલથી સંતોષ થાય છે અને તે ઉપરાંત મનપર બોજો રહેતો નથી વિગેરે જોઇએ તો તેને ગેરલાભના અભાવ રૂપ મોટો લાભ થાય છે. આ પ્રમાણે દરેક શુભ ક્રિયા, વિચાર કે ઉપચારના સંબંધમાં સમજવું. સદ્ગુણની આચરણા કરવાથી ચિત્તમાં બહુ સારો આનંદ રહે છે અને કોઇ વખત કદાચ બાહ્ય દૃષ્ટિએ નુકશાન થાય તોપણ તેની દરકાર રહેતી નથી. અંગ્રેજીમાં એક કહેવત છે કે Virtue is its own reward એટલે સદ્ગુણ એ તેનો પોતાનોજ બદલો છે. મતલબ એ છે કે એનાથી બીજા લાભ તત્કાળમાં ન જણાય તોપણ તે પોતે મનને આનંદમાં રાખનાર આત્માને સંતોષ અપાવનાર અને ચિત્તને પ્રસન્ન રાખનાર હોવાથી તે પોતેજ બદલારૂપ છે. જો કે સદ્ગુણનો બદલો મળ્યા વગર રહેતો નથી, પણ કદાચ તેને માટે દિવસો સુધી અને કોઈવાર વરસો સુધી રાહ જોવી પડે છે, પરંતુ એવો બદલો મળે કે ન મળે પણ તે કરતી વખત જે આત્મસંતોષ થાય છે, મનની પ્રસન્નતા થાય છે તેજ પૂરતો બદલો છે. આવા પ્રકારની મનની વૃત્તિ થવી એ સત્સંગથીજ થાય છે. જો પ્રાણી કુસંગમાં પડી જાય છે તો તે તાત્કાળિક લાભ તરફ નજર કરનાર થાય છે અને શુભ ગુણ આચરવામાં શું મહત્વ છે તે સમજી શકતો નથી અને તેને યોગ્ય સલાહ પણ મળતી નથી. વ્યવહારના પ્રત્યેક પ્રસંગોમાં, ધર્મની ક્રિયાઓમાં અને આત્મોન્નતિના વિશાળ માર્ગમાં સત્સંગ ચિત્ત પ્રસન્નતા રખાવવારૂપ બહુ મોટો લાભ અપાવે છે અને પ્રાણીને ફરજના આંગણા ઉપર મૂકી દે છે. મયણાસુંદરી તેના પિતાએ તેના સ્વામી તરીકે ઠરેલા કુષ્ટીની બાજુએ જઇ ઉભી રહી તે વખતે લોકો તો તેના તરફ બહુજ હસ્યા હશે, તેની મૂર્ખતાપર ટીકા કરતા હશે, પરંતુ બાલ્યાવસ્થાથી સત્સંગ કરનાર તે ચિત્તપ્રસન્નતા અને ફરજનો ખ્યાલ એવા અસાધારણ પ્રસંગમાં પણ ચૂકી નહિ અને પતિજીવન અને સ્વજીવન અતિ સુંદર બનાવ્યું. મયણાસુંદરીના મનમાં તે વખતે કેટલો આનંદ થયો હશે તે ખાસ વિચારવા યોગ્ય છે. એવીજ રીતે ધવળશેઠને કુંબ સંબંધી કલંકના પ્રસંગે રાજા પાસેથી છોડાવી લાવનાર શ્રીપાળને કેટલો આનંદ થયો હશે તે વિચારવા યોગ્ય છે. એ સર્વ સત્સંગથી થયેલ શુભ વિચાર અને મનનાં ઉત્તમ બંધારણનું પરિણામ છે એમ વાંચનારને કદિ પણ લાગ્યા વગર રહેશે નહીં.

છઠ્ઠો સત્સંગનો લાભ ભર્તૃહરિ એ ગણાવેછે કે 'એ (સત્સંગ) દિશામાં કીર્ત્તિને ફેલાવે છે.' એ બરાબર હકીકત છે એમ સહજ જણાઈ આવે તેવું છે. સારી સોબતમાં રહેનારનું વર્તન સારૂં હોવાનો સંભવ ઘણો હોવાથી એવા સત્સંગ

For Private And Personal Use Only

સંગતિ કરનારની આબરૂ વધે અને સારા લોકોમાં પણ એના વખાણ થાય એ તદ્દન સ્વાભાવિક છે. જેને સજ્જનો ઉંચા ખ્યાલ હોયછે તે કદિ પણ માન મેળવવા ખાતર સારૂં વર્તન કરતા નથી, તે તો પોતાના ઉચ્ચ વિચારથીજ શુભમાર્ગે ગમન કરે છે અને ઉચ્ચ વ્યવહાર કરવામાં આત્મોન્નતિ થતી સ્પષ્ટ જુએછે. એને લોકો માન આપે કે ન આપે તે સંબંધમાં તેનું લક્ષ્ય હોતું નથી. પરંતુ એને માનની ઈચ્છા હોય કે ન હોય પણ એને લોકોમાં સન્માન જરૂર મળે છે. સજ્જન સાથે હળવું મળવું, બોલવું, વિચારણા કરવી, પરિચય કરવો, એ તુચ્છ કોટિના માણસથી બને નહિ તેથી લોકો સત્સંગ કરનારને બહુ માન આપેછે. કોઈ વખત જરા મોડું માન મળે છે પણ અંતે માન મળ્યા વગર રહેતું નથી અને જો માન મેળવવાની ઇચ્છા ન હોય તો બહુ વધારે મળેછે. કીર્તિની પછવાડે દોડનારને તે મળતી નથી, પણ તેની ઇચ્છા ન કરનારને તે સવિશેષપણે મળેછે. આ પ્રમાણે કહીને છેવટે ભર્તૃહરિ કહે છે કે 'સત્સંગતિ શું શું કરતી નથી?' એટલે તે આવી રીતે અનેક લાભો અપાવે છે તે ઉપરાંત બીજા ન ગણાવેલા એટલા લાભો આપે છે કે જાણે તે કલ્પવૃક્ષ જેવી હોય એમ લાગે છે. અનેક પ્રકારના લાભ તે એટલી સારી રીતે અપાવે છે કે તેની ગણતરી કરતાં પાર આવે નહિ. અહીં કદાચ એવો પ્રશ્ન ઉપસ્થિત થાય કે આ બાબતમાં કાંઈ અતિશયોક્તિ હશે, કારણ કે કેટલીકવાર કવિઓ એક બાબતને હાથમાં લઇ તેનાં અનેક લાભો બતાવે છે એવી સાધારણ પ્રથા છે. આનો જવાબ બહુ સાદો છે અને તે એ છે કે આ બાબતમાં જરાપણ અતિશયોક્તિ જેવું નથી. સત્સંગ કરનારની અવસ્થા, સંયોગ અને વર્તન અને ખાસ કરીને તેની માનસિક સ્થિતિપર વિચાર કરી આપણે બરાબર અવલોકન કરીને જોઇએ તો આ વાતમાં રહેલ સત્ય બરાબર સમજાઈ જાય તેમ છે. જે લાભો અહીં સત્સંગથી તેના પરિણામરૂપે ગણાવવામાં આવ્યા છે તેમાં જરાપણ અતિશયોક્તિ કરી હોય એમ લાગતું નથી.

આ સંબંધમાં વધારે અવલોકન કરનારાઓ એવાજ નિર્ણય ઉપર આવ્યા છે એમ પણ બતાવી શકાય તેમ છે. આપણે સત્સંગ માટે અન્ય વિદ્વાનો શું કહે છે તે બહુ સંક્ષેપથી જોઇ જઇએ. સિંદૂર પ્રકરના ૬૯ મા શ્લોકમાં શ્રી સોમપ્રભાચાર્ય કહે છે કેઃ—

हरति कुमतिं भिन्ते मोहं करोति विवेकितां,
वितरति रतिं सूते नीतिं तनोति गुणावलिम्;
प्रथयति यशो धत्ते धर्मं व्यपोहति दुर्गतिम्,
जनयति नृणां किं नाभीष्टं गुणोत्तमसंगमः॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'ઉત્તમ મનુષ્યનો સંગ પ્રાણીની કુમતિને દૂર કરે છે, અજ્ઞાનને ભેદી નાખે છે, વિવેકીપણું પ્રાપ્ત કરાવે છે, સંતોષ આપે છે, નીતિને જન્મ આપે છે, ગુણની શ્રેણિને વિસ્તારે છે, યશને ફેલાવે છે, ધર્મને ધારણ કરે છે, દુર્ગતિને દૂર કરે છે—આવી રીતે એવી કઇ ઉત્તમ ઇચ્છિત વસ્તુ છે કે જે સજ્જનનો સંગ મનુષ્યને ન આપે? ' અહીં જે વિચાર બતાવ્યા છે તે સહરહુ ભર્તૃહરિના શ્લોકમાં બતાવેલા વિચારો જેવાજ છે. અહીં સત્સંગથી થતા અનેક લાભ બહુ સુંદર રીતે ગણાવ્યા છે અને પછી અભીષ્ટ પ્રાપ્તિને અંગે સ્પષ્ટ કહ્યું છે કે એવી કોઇ વસ્તુ નથી કે જે સત્સંગ ન પ્રાપ્ત કરી આપે. કહેવાનો આશય એ છે કે સારી ઇચ્છિત વસ્તુએ સત્સંગથી જરૂર પ્રાપ્ત થાય છે. અને આવી રીતે સત્સંગ પ્રાણીને બહુ ઉંચી પદવીપર મૂકે છે, તેનું કારણ આપણે સમજી શકીએ તેમ છે. વિભાવદશામાં આસક્ત પ્રાણી લાલચના પ્રસંગો મળતાં પરભાવમાં ચાલ્યા જવાનો ઘણીવાર પ્રયત્ન કરે છે, ત્યાં વાસ્તવિક સુખ નથી, છતાં સુખ શું છે તેનો બરાબર ખ્યાલ ન હોવાથી પ્રાણી તે તરફ મૃગતૃષ્ણાની માફક દોડ્યો જાય છે અને જો તેને પાછળથી ખેંચી સત્યમાર્ગપર લાવનાર કોઇ ન હોય તો જરૂર તે તેમાં ફસાઈ જાય છે. આવા અનેક પ્રસંગે સત્સંગ તેને ઠેકાણે લઇ આવે છે; તેની વ્યવહારની ફરજો સમજાવે છે, તેના આત્માને કયા માર્ગથી હાનિ કે લાભ થાય તેમ છે તેનો ખ્યાલ આપે છે અને તેને વિમાર્ગપર જતો અટકાવે છે. પ્રાણીમાં વિચારણા કરવાની શક્તિ તો હોયજ છે, પરંતુ ટુંકી દૃષ્ટિથી જે તાત્કાળિક સુખ તરફ તે ખેંચાઈ જતો હોય છે તે આથી અટકી જાય છે અને વિચારણા કરી સન્માર્ગપર આવી જાય છે. આવી રીતે દરેક બાબતમાં સન્માર્ગપર લઇ આવવાનું પરમ સાધન સત્સંગ હોવાથી તે બહુ લાભ કરનાર થાય છે એમ લગભગ દરેક વિચારશીલ મહાત્માઓ કહી ગયા છે.

મનુષ્યજીવન પર 'સત્સંગ' કેવી અસર કરે છે તે આટલા ઉપરથી જણાયું હશે. એનાથી અનેક લાભો થાય છે તે બરાબર જણાઇ આવે તેવું છે, એના ગર્ભમાં બહુ ઉન્નત દશાના બીજો રહેલાં છે તે માલૂમ પડે તેવું છે અને તે સર્વ સંયોગોમાં કરવા યોગ્ય છે, એવા નિર્ણય પર આવી જવાય તેવું છે. સત્સંગ કરનારના દૃષ્ટાન્તો વિચારવા પડે તેમ નથી. ગમે તે ચરિત્ર વાંચતાં એનો ખ્યાલ આવે તેમ છે. બાળપણાથી સત્સંગ કરનાર મયણાસુંદરીના અતિ અસાધારણ પ્રસંગના ધૈર્યનો વિચાર ઉપર થઈ ગયો. એ સિવાય શ્રેણીકરાજા, વીરપ્રભુના દશ શ્રાવકો, ગૌતમ સ્વામી વિગેરે સત્સંગના અનેક દૃષ્ટાન્તો છે. લગભગ દરેક કથામાં સત્સંગનું માહાત્મ્ય દર્શાવ્યું હોય છે એમ કહીએ તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. નીચ સોબતથી કેટલું નુકશાન થાય છે તે વર્ણન કરી સુંદર ચિત્રને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બગાડવાની જરૂર નથી. પણ એથી બહુ હાનિ--વ્યવહાર અને આત્મોન્નતિને અંગે થાય છે એ સ્પષ્ટ સમજાય તેવું છે. ગુણાવળી અને વીરમતીનું દૃષ્ટાન્ત તેનો સ્પષ્ટ ખ્યાલ આપે છે. કુસંગ જરાવખત કરવાના પરિણામે ગુણાવળી જેવી સાધ્વી સ્ત્રી કેટલી હદ સુધી ઉતરી ગઈ અને તેના પરિણામે તેને કેટલું સહન કરવું પડ્યું એ પંડિત મોહનવિજયે લલિત ભાષાશૈલી સાથે શ્રી ચંદરાજાના રાસમાં બતાવ્યું છે. ધવળશેઠને હેરાન કરનાર, રાવણને રડાવનાર, સુરસુંદરીને નાટક કરનારને ત્યાં વેચાવનાર અને દુર્યોધનને ફસાવનાર દુર્જનસંગતિજ છે.

સત્સંગનું પરિણામ કેવું સુંદર થાય છે તે આપણે ઉપર જોઇ ગયા. વ્યવહારમાં ઉન્નત સ્થાન પ્રાપ્ત કરી, ઉત્ક્રાન્તિમાં આગળ વધી, આત્મોન્નતિ કરી, છેવટે સચ્ચિદાનંદ સ્થાન સુધી સત્સંગને પરિણામે પ્રાણી પહોંચે છે. આથી એને સૌજન્ય કહેવામાં આવે છે. સારા મનુષ્યને સારા તરીકે ટકી રહેવા માટે ગુણવાનનો સંગ કરવાની ખાસ આવશ્યકતા છે અને તેથી સૌજન્યના વિષયમાં સત્સંગને ખાસ સ્થાન આપવામાં આવ્યું છે. એમાં પણ ' વિદ્વત્સેવના ' ખાસ કરવી એમ સૌજન્યના શ્લોકમાં કહેવામાં આવ્યું છે તેનો આશય એમ જણાય છે કે સજ્જન મનુષ્ય જ્યારે પોતે સજ્જન રહી શકે છે ત્યારે તે જો વિદ્વાન્ હોય તો સજ્જનતામાં રહેલ મહત્તા અન્યને સમજાવી શકે છે અને તેથી સત્સંગમાં પણ વિદ્વાન સજ્જનનો સંગ વિશેષ લાભ કરનાર છે. જો કે સજ્જનતા અને વિદ્વત્તાને ખાસ સંબંધ નથી અને અમુક માણસ વિદ્વાન છે તેથી તે સજ્જન પણ હોવો જોઈએ એમ ધારી પણ લેવું નહિ; કારણ કે કેટલીકવાર વિદ્વત્તા સાથે દુનિયાના ખરાબમાં ખરાબ દુર્ગુણો પણ જોડાયલા જોવામાં આવે છે, પરંતુ સજ્જન હોય અને સાથે વિદ્વાન્ હોય ત્યારે તેનો સંગ કરનારને તેની વિદ્વત્તાનો બહુ લાભ મળે છે. આથી મૂળ શ્લોકમાં ( **तृष्णां छिन्धि** વાળા ) વિદ્વત્સેવનાને સપ્તમ સૌજન્ય ગણાવેલ છે.

હવે આ વિષય માટે જે લંબાણ ઉપોદ્ઘાત અગાઉ ( પુ. ૨૮. અંક ૩ જો પૃ. ૮૫ થી ૯૧ સુધી ) કરવામાં આવી હતી તેનો આ વિષય સાથે સંબંધ બરાબર વિચારી જઇએ. આ ઉપોદ્ઘાતમાં બહુ ઉપયોગી હકીકત બતાવી છે, તેનો સાર ટુંકામાં કહીએ તો એ છે કે સંસારમાં આસક્ત પ્રાણી કોઈ કોઇ વાર આત્મીય સુખ શું છે તેનો સહજ અનુભવ કરે છે, તેને કાંઇક ઝળકાટ થાય છે, પણ વળી પાછો તે વિભાવમાં લિપ્ત થઇ જઇ સંસારમાં પડી જાય છે અને તેથી બને છે એમ કે જે સુંદર સ્થિતિ તેને પ્રાપ્ત થઇ હોય છે તે લાંબો વખત ટકી રહેતી નથી. આમ થવાનું કારણ શું છે તે તપાસવામાં આવશે તો જણાઈ આવશે કે સત્સંગનો અભાવ હોવાથી પ્રાણી જ્યારે ત્યારે પોતાના અલ્પ સુખના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખોટા ખ્યાલમાં તણાઈ જઈ સંસારમાં મુંઝાઈ જાય છે, અને તેના સાધારણ સહવાસવાળા સંબંધીઓ તેને આ બાબતમાં પુષ્ટિ આપે છે. ' ધર્મનું આખ્યાન ચાલે ત્યારે, તથા સ્મશાનમાં અને રોગીને જે બુદ્ધિ થાય છે તે ઘણા વખત સુધી ટકી રહેતી નથી ' એમ જે ત્યાં બતાવવામાં આવ્યું છે તેનું કારણ એ છે કે એવા વિચારને પુષ્ટિ આપનાર અને તેને પ્રેરણા કરનાર સંગતિ બહુધા પ્રાણીને મળતી નથી. જો સત્સંગ કરવામાં આવે તો વસ્તુસ્વરૂપનો બોધ નિરંતર બન્યો રહે અને પ્રાણી અતિ સુંદર ઉન્નત સ્થિતિનું ભાન કર્યા કરે અને પરિણામે શુદ્ધ વિચારણા-દ્વારા આત્માની પ્રગતિ આગળ કર્યા કરે. આમ થવાનું ખાસ કારણ સત્સંગ છે એ આખો વિષય વાંચતા સહજ સમજાય તેવું છે. સૌજન્ય એના ખરા સ્વરૂપમાં સત્સંગને અંગે પ્રકાશે છે. સત્સંગ કરવાથી વ્યવહારમાં પણ આબરૂ વધે છે, ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ કરાવે છે અને આત્મીયસૃષ્ટિમાં શુદ્ધ આનંદ આપી ચેતનને ઉન્નત બનાવે છે. સૌજન્યના વિષયને ખાસ પ્રગટ કરનાર સત્સંગ અને ખાસ કરીને વિદ્વત્સેવના ખાસ કર્તવ્ય છે એ હકીકત આટલા ઉપરથી વિદિત થાય છે. આત્માની ઉન્નતિ કરાવનાર, સૌજન્ય પ્રગટ કરાવનાર, આત્માને નિર્ભર આનંદ આપનાર, તેવા આનંદમાં તેને કાયમ રાખનાર અને તેને સચ્ચિદાનંદ ધામે મોકલનાર સત્સંગ ખાસ કર્તવ્ય છે એમ હવે વારંવાર જણાવવાની જરૂર રહેતી નથી.

સત્સંગ ખાસ કરવા યોગ્ય છે એમ બતાવવા સાથે દંભી માણસો ઘણીવાર સજ્જન તરીકે પસાર થઈ જાય છે તેનાથી સાવચેત રહેવાની બહુ જરૂર છે તે પણ બતાવવાની આવશ્યકતા છે. તેથી સંગતિ કરવા પહેલાં તેનામાં વસ્તુતઃ સૌજન્ય છે કે નહિ તેનો અભ્યાસ કરવાની જરૂર છે. સૌજન્યના બાકીના વિષયો સૌજન્ય છે કે નહિ તે બતાવવા માટે ખાસ ઉપયોગમાં લઈ શકાય છે. આ ખાસ અગત્યની ચેતવણી આપી સત્સંગ કરવા, તેવો પરિચય વારંવાર કરવા અને દુર્જનના પ્રસંગમાં પણ ન આવવા ભલામણ કરવા સાથે જીવનને અંગે ખાસ અગત્યના આ વિષયની વિચારણા પૂર્ણ કરવામાં આવે છે. સત્સંગથી એટલા લાભ થાય છે કે તેપર પાનાઓ ભરાય. તેમાંના કેટલાકનું અહિં દિગ્દર્શન થયું તેના પરિણામે તે કર્તવ્ય છે એમ તો જરૂર લાગે તેવું છે. સત્સંગ શોધી આત્મ સન્મુખ થઈ અખંડ આનંદ સ્થાન તરફ પ્રયાણ કરવા યત્ન કરો, તેમાં રસ લ્યો અને તેમાં વાસ્તવિક સુખ માનો—એ કર્તવ્ય છે, આદરણીય છે, પ્રશસ્ય છે, પ્રેરક છે અને સુખરૂપ છે. જેઓને સત્સંગ કરવાની ટેવ પડે છે તેને પછી અન્ય પ્રસંગમાં આનંદ આવતો જ નથી. તે ખરાબ માણસોના સંયોગોમાં આવી જાય તો જાણે તે પોતાના તત્ત્વની બહાર હોય તેમ તેને લાગે છે. જળની બહાર નીકળી ગયેલી માછલીને જેમ સુખ લાગતું નથી તેમ ખરાબ વાતાવરણમાં તેને

For Private And Personal Use Only

આનંદ આવતો નથી. ખરાબ માણસોનો સંગ કરવામાં વિચારણા શકિત એટલી બધી મારી જાય છે કે પછી પ્રાણી ઉંચો આવી શકતો નથી. આ પ્રમાણે હોવાથી કોઈ નુકશાન સહન કરવું પડે તો તેમ કરીને પણ દીર્ઘ લાભ સારૂ સત્સંગ કરવો ઉચિત છે એમ માનવું. શુદ્ધ માર્ગ પર ગમન કરવાની ઈચ્છા માટે અભ્યાસની જરૂર રહે છે અને તે દીર્ઘકાળ સુધી આંતરા વગર કરવામાં આવે અને તેમાં આદર બુધ્ધિ હોય તો ખરૂં સુખ આપે છે. તેવો અભ્યાસ સત્સંગથીજ થાય છે, તેથી ગમે તે રીતે વિચારતાં સત્સંગ ખાસ કરવા યોગ્ય છે એમ જણાય છે. સૌજન્યને પ્રગટ કરનાર સત્સંગ અને તેના એક વિભાગ રૂપ વિદ્વત્સેવના ખાસ ઉપયોગી વિષય છે એમ બતાવી આ સપ્તમ સૌજન્યની વિચારણા અત્ર પૂર્ણ કરવામાં આવેછે.

# લગ્ન પ્રસંગે મહોત્સવ.

ભાવનગરમાં પ્રખ્યાત શેઠ ત્રિભોવનદાસ ભાણજીના પુત્ર પ્રેમચંદના લગ્ન-પ્રસંગ ઉપર તેમના લઘુ બંધુ નરોત્તમદાસ ભાણજીએ દાદાસાહેબની વાડી પાસે આવેલા પોતાના સુશોભિત મકાનની અંદર લગ્નમંડપની નજીકમાં જ્ઞાનપંચમીનું ઉજમણું માંડ્યું હતું, અને પ્રભુ પધરાવીને અઠ્ઠાઈ મહોત્સવ કર્યો હતો. ઉજમણાને માટે કરાવવામાં આવેલા પાંચ છોડ પૈકી મધ્યનો છોડ ઝીકચળકથી બહુ સુંદર કારીગરીવાળો ભરાવ્યો હતો અને તેની અંદર મધુબિંદુના અતિ ઉપદેશક દ્રષ્ટાંતનું આબેહુબ ચિત્ર આળેખ્યું હતું. આ છોડ ઉપર હજારથી બારસો રૂપીઆ લગભગ ખર્ચ થયું છે, પરંતુ છોડ અદ્ભુત બન્યો છે. બીજા ચાર છોડ પણ ખાસ ઉંચો કશબ કરાવી તેના લપેટા વણાવીને કરાવ્યા છે. છોડની સાથે મુકેલા ઉપકરણો પણ સારા, શોભતા અને કિંમતી છે. અઠ્ઠાઈ મહોત્સવ નિમિત્તે પૂજા ભણાવવા સારૂ ખાસ ગવૈયાને તેડાવેલ હોવાથી પૂજા ભણાવવામાં પણ સારો આનંદ આવ્યો છે.

આ શુભ પ્રસંગની સાથે ભાવનગરના શ્રી સંઘના પરમ ઉપકારી પંન્યાસજી મહારાજશ્રી ગંભીરવિજયજી ગણીના પગલા દાદાસાહેબની વાડીની અંદર એક સંગેમરમરની સુશોભિત દેરીમાં તેમણેજ શ્રીસંઘનો આદેશ મેળવીને જે સ્થળે પન્યાસજીને અગ્નિદાહ કરવામાં આવ્યો હતો તેજ સ્થળ ઉપર પધરાવ્યા છે, તેમજ તે સ્થાપનાની સાદ શુદિ ૬ ની તિથિએ પોતાના બંગલામાં અષ્ટોત્તરી સ્નાત્ર ઘણી ઉદારતાથી ભણાવી નવકારશીનું સ્વામીવત્સળ કર્યું છે.

આ પ્રસંગ ઉપર ખાસ કરીને પાલીતાણેથી મુનિરાજ શ્રી કેવળવિજયજી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજ પધાર્યા છે કે જેઓ શાંતમુર્ત્તિ મુનિરાજ શ્રી વૃદ્ધિચંદજી મહારાજના અગ્રણી શિષ્ય છે, અને ૪૦ વર્ષ ઉપરાંતના દીક્ષાપર્યાયવાળા છે. જરૂરી પ્રસંગે એમના પધારવાથી શ્રી સંઘને વિશેષ આનંદ થયો છે.

અષ્ટાન્હિકા મહોત્સવને તેમજ લગ્ન પ્રસંગને અંગે જળયાત્રાનો વરઘોડો ઘણી ધામધુમ સાથે ચઢાવવામાં આવ્યો છે, અને ઉદ્યાપન, અઠ્ઠાઈ મહોત્સવ, વરઘોડો, પાદુકા સ્થાપન, અષ્ટોત્તરી સ્નાત્ર અને મહાન્ સ્વામીવાત્સલ્ય કરીને લગ્ન પ્રસંગ શોભાવવા સાથે પોતાના દ્રવ્યનો સદુપયોગ કર્યો છે. વ્યાવહારિક પ્રસંગ-સાથે આવા ધાર્મિક પ્રસંગો જોડી દઈ આશ્રવમાં સંવર કરણીનો લાભ લેવો એ ઉત્તમ જનોને ઉચિત છે અને અન્ય સુજ્ઞ જનોને તે હકીકત ખાસ અનુકરણ કરવા યોગ્ય છે.

# નવમી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ-સુજાનગઢ.

## માગશર શુદિ ૧૧-૧૨-૧૩ બુધ, ગુરૂ, શુક્ર.
## તા. ૨૭-૨૮-૨૯ જાન્યુઆરી. ૧૯૧૫.

સુજાનગઢ મારવાડમાં બીકાનેર પાસે આવેલું શહેર છે. તેની અંદર ઘણા ધનાઢ્ય જૈનો વસે છે. તેમાંના **પનેલાલજી સંઘી** નામના એક ગૃહસ્થે ચાર લાખ રૂપીઆ ખરચીને ત્યાં એક મહાન્ જિનમંદિર બંધાવ્યું છે. તેનો પ્રતિષ્ઠા મહોત્સવ માગશર શુદિ ૧૩ નો હોવાથી તે શુભ પ્રસંગ ઉપર ત્યાં કોન્ફરન્સની બેઠક થાય તો મરૂધરમાંજ જન્મ પામેલી કોન્ફરન્સનો પાછો ઉદય થાય એમ વિચારી હાલમાં બીકાનેર સ્ટેટમાં સારા ઓદ્ધાપર દાખલ થયેલા મી૦ ગુલાબચંદજી ઢઢ્ઢાએ પ્રયાસ આદર્યો. ઉદાર દિલના પનેલાલજી શેઠે તમામ ખર્ચ પોતે સ્વીકારી લીધો અને તે ખબર મુંબઈ ખાતે કોન્ફરન્સની મુખ્ય ઓફીસમાં મોકલતાં તરતમાંજ આમંત્રણ સ્વીકારવાનું ઠરાવવામાં આવ્યું. બહુ દિવસના ક્ષુધાતુરને જેમ ભાવતું ભોજન મળે તેમ કોન્ફરન્સની આવશ્યકતા સમજનારા અને તેનાથી જૈન કોમની ઉન્નતિ માનનારા આગેવાનોએ દિવસો ટુંકા છતાં તેને લગતું તમામ કાર્ય તેટલી મુદતમાં પણ કરવાનું કબુલ કર્યું અને તરતમાંજ સુજાનગઢ ખાતે પત્ર વ્યવહાર ચલાવી રીસેપ્શન કમીટીના પ્રમુખ તરીકે શેઠજી પનેલાલજી સંઘીની અને ચીફ સેક્રેટરી તરીકે શેઠ પુનમચંદજી સાવનસુખા અને આનંદમલ લોઢાની નીમનોક થતાં નવમી કોન્ફરન્સના આમંત્રણો પોસ વદ ૧૩શે બહાર પાડવામાં આવ્યા. કોન્ફરન્સ ઓફીસમાં તમામ લીસ્ટ તૈયાર હોવાથી તરતજ તે બહાર-ગામ રવાને કરવામાં આવ્યા. વખત ટુંકો હોવાથી ગામેગામ સંઘ મળીને ડેલીગેટો ચુંટે તેટલો અવકાશ રહ્યો નહીં, પરંતુ મુંબઈના શ્રીસંઘે તરતમાંજ ચુંટણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી. મુંબઈમાં દેશ પરદેશનું ઘણું તત્વ સમાયેલું હોવાથી જુદા જુદા વિભાગના સેક્રેટરી તેમાં ચુંટાયા. કોન્ફરન્સના પ્રમુખ તરીકે રાંધણપુરનિવાસી પ્રખ્યાત શેઠ **મોતીલાલ મુળજીને** નીમવામાં આવ્યા અને તેમના બહોળા સંબંધને લઈને મુંબઈ તેમજ રાંધણપુરથી બહોળી સંખ્યામાં ગૃહસ્થો સુજાનગઢ પધાર્યા. ડેલીગેટોની ફી ન લેવાનો ઉદાર દીલના પનેલાલજી શેઠે ઠરાવ બહાર પાડ્યો. પ્રતિષ્ઠા મહોત્સવને અંગે પુષ્કળ જૈન બંધુઓનું ત્યાં આગમન થયું અને ઉપર જણાવેલા ત્રણ દિવસોની બેઠકમાં આવશ્યકતાવાળા ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા. પહેલે દિવસે રીસેપ્શન કમીટીના અને કોન્ફરન્સના પ્રમુખના ભાષણો વાંચવામાં આવ્યા તે અમે હવે પછીના અંકમાં આપશું. બીજા ને ત્રીજા દિવસે જે જે ઠરાવો થયા તે જૈન સમુદાયની જાણ માટે આ નીચે પ્રગટ કરવામાં આવ્યા છે.

## ઠરાવ ૧ લો.

### રાજનિષ્ઠા. ( Loyalty )

આ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ભારત સમ્રાટ્ પંચમ જ્યોર્જ પ્રત્યે અંતઃકરણપૂર્વક પોતાની રાજનિષ્ઠા જાહેર કરે છે અને તેમના છત્ર નીચે ભારત રાજ્યની ઉચ્ચ પંક્તિ, તેમજ હાલના ભયંકર યુદ્ધમાં બળપર નીતિનો જય અને શાંતિ હૃદયથી ઇચ્છે છે અને પ્રભુ પ્રત્યે પ્રાર્થે છે કે સર્વત્ર સુખ અને પ્રેમભાવ પ્રવર્તો.

## ઠરાવ ૨ જો.

### સહાનુભૂતિ. ( Sympathy )

પોતાના પત્ની અને જ્યેષ્ઠ પુત્રના અકાલ અને ખેદકારક મરણોથી જે અસહ્ય દુઃખ નામદાર વાઈસરૉય લોર્ડ હાર્ડિંજપર આવી પડ્યું છે તે માટે હિંદુસ્તાનના જૂદા જૂદા પ્રાંતોમાં વસતા જૈન શ્વેતાંબરોના અત્રે મળેલા પ્રતિનિધિદ્વારા આ કોન્ફરન્સ સમગ્ર જૈન કોમનો શોક પ્રદર્શિત કરે છે અને સહાનુભૂતિ દર્શાવે છે.

## ઠરાવ ૩ જો.

શ્રી બીકાનેર નરેશ મહારાજાધિરાજ મહારાજા સાહેબ શ્રી કરનલ સર ગંગાસિંહજી બહાદુર G. C. S. I. G. C. I. E. L. L. D. A. D. C. To A. M. the King and Emperor એ ઘણી વખત શ્રી પાર્શ્વનાથ સ્વામીના મંદિરમાં પધારી જે સહાનુભૂતિ બતાવી છે અને જૈનધર્મને વાસ્તે લાગણી દર્શાવી છે, તે વાસ્તે આ કોન્ફરન્સ તેમને અંતઃકરણપૂર્વક ધન્યવાદ દે છે; અને પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરે છે કે તેઓ ચીરકાળ આ ક્ષેત્રમાં રાજ્ય કરતા રહો.

## ઠરાવ ૪ થો.

જૈન જાતિની લાગણીને સારી રીતે માન આપીને આપણી કોન્ફરન્સના યત્નથી નિશ્ચિત કરેલા ડેપ્યુટેશનનું યોગ્ય માન રાખીને નામદાર વાઈસરૉય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાહેબે ન્યાયવૃત્તિ દેખાડી શ્રી આબુજીના પવિત્ર તીર્થની આશાતના દૂર કરવાનો જે દીર્ઘદર્શી ઠરાવ કર્યો છે એ સંબંધમાં આ કોન્ફરન્સ નામવર ન્યાયી બ્રિટીશ સરકારના ખાસ આભારની નોંધ લેવા તક લે છે અને ધી ઓનરેબલ એજંટ ટુ ધી ગવર્નર જનરલ સર ઇલિયટ કોલ્વીન સાહેબની ખાસ કોશિશ માટે તેમનો ઉપકાર જાહેર કરે છે.

## ઠરાવ ૫ મો.

### તહેવાર. ( Jaina Holidays )

હિંદમાં જૈનોની વસ્તી સારી સંખ્યામાં હોવાથી તેમજ વ્યાપાર ધંધામાં જૈન કોમ પ્રથમ પંક્તિ ધરાવતી હોવાથી તેમના પવિત્ર પર્વ દિવસોમાંથી ઓછામાં ઓછા બે પર્વો જાહેર તહેવાર તરીકે મુંબઈ ઈલાકાની તથા બીજા ઈલાકાની સરકાર તરફથી સ્વીકારવામાં આવે એવી આ કોન્ફરન્સ આગ્રહપૂર્વક માગણી કરે છે. અને તે માટે મુંબઈ, મદ્રાસ અને કલકત્તાના ગવર્નર સાહેબ, પંજાબ યુનાઇટેડ પ્રોવીન્સિઝ, બિહાર અને બર્માના લેફટેનન્ટ ગવર્નર સાહેબ, રજપુતાના અને સેંટ્રલ ઇંડિયાના ઓનરેબલ એજંટ ટુ ધી ગવર્નર જનરલ તરફ આ ઠરાવની નકલ મોકલવાને આ કોન્ફરન્સના પ્રમુખ સાહેબને સત્તા આપે છે.

આ પાંચ ઠરાવ પ્રમુખ તરફથી રજુ કરવા સાથે સર્વાનુમતે પાસ થતાં તે ખબર તારથી જેના તેને મોકલવા પ્રમુખને સત્તા આપવામાં આવી હતી.

## ઠરાવ ૬ ઠ્ઠો.

### ધાર્મિક કેળવણી. ( Religious Education.)

દરેક જૈને જૈનધર્મનાં મૂળતત્ત્વો અવશ્ય જાણવાં જોઇએ, પરંતુ પોતે જૈન હોવા છતાં પણ આપણા કેટલાક ધર્મબંધુઓ પોતાના ઉચ્ચ ધર્મનાં મૂળતત્ત્વોથી પણ અજ્ઞાત છે તે સ્થિતિ દૂર કરવા માટે તથા જૈન બાળક અને બાળકીઓમાં ધાર્મિક જ્ઞાનનો પ્રસાર કરવા માટે નીચેનાં પગલાં લેવા આ કોન્ફરન્સ ભાર દઇને આગ્રહ કરે છે:—

( ૧ ) જે જે સ્થળે ધાર્મિક શાળા ન હોય તે તે સ્થળે ધર્મનાં તત્ત્વ તથા રહસ્યનું જ્ઞાન ફેલાવવા સ્થાનિક સંઘે ધાર્મિક શાળા ખોલવી.

( ૨ ) જે સ્થળે ધાર્મિક શાળા હોય તે તે સ્થળના સંઘોએ તે શાળાને સારી વ્યવસ્થામાં મૂકવા પ્રયત્ન કરવો.

( ૩ ) દરેક ધાર્મિક શાળામાં એકજ જાતનો અભ્યાસક્રમ ચાલે તેવી વ્યવસ્થા કરવા જૈન એજ્યુકેશન બોર્ડે ગોઠવણ કરવી.

( ૪ ) જે જે ધાર્મિક શાળામાં ફંડની સગવડ હોય તેના વ્યવસ્થાપકોએ સંસ્કૃત અને માગધી ભાષાનું શિક્ષણ શિખવવા તેમાં વ્યવસ્થા કરવી.

For Private And Personal Use Only

( ૫ ) દરેક ધાર્મિક શાળા સાથે બની શકે તો દરેક સ્થળના સંઘે પુસ્તકાલય રાખવા ગોઠવણ કરવી.

( ૬ ) આવી શાળા માટે શિક્ષકો તૈયાર કરવા અર્થે જૈન યુવકોને ઉંચું સંસ્કૃત તેમજ ઉંચું ધાર્મિક જ્ઞાન આપવા પ્રબંધ કરવો.'

સોલીસીટર મી. મોતીચંદ ગીરધર કાપડીયાએ ઉપરનો ઠરાવ રજુ કરતાં જણાવ્યું કે—આપણી કોમને આગળ વધવાને જો કોઈ માર્ગ હોય તો કેળવણીની વૃદ્ધિજ છે. પ્રમુખ સાહેબે કહેલ છે કે અનેક મંદિરો તથા પુસ્તકોનો ઉદ્ધાર કરવાની અને કુરીત રીવાજ સુધારવાની જરૂર છે તે સર્વેની ફતેહ કેળવણી ઉપર છે. કેળવણી અને શિક્ષણ જુદી વાત છે. શિક્ષણ નિશાળે ભણાવાનો વિષય છે અને કેળવણી એ માનસિક બળની ખીલવણી છે. સર્વ શિક્ષણમાં ધાર્મિક શિક્ષણ પ્રથમ જોઈએ છે, કેમકે તેનાથી વ્યાવહારિક અને ધાર્મિક લાભ થતાં આ ભવ અને પરભવનું કલ્યાણ થાય છે. ધાર્મિક શિક્ષણ માટે પ્રથમ તો ધોરણ મુકરર કરવાની જરૂર છે. સપ્તભંગી, સાત નય, બે પ્રમાણ આદિ વિષયો આપણે માટે એટલા બધા છે કે તેનો અભ્યાસ સરલ રીતે થવા અભ્યાસક્રમ કરવાની જરૂર છે. આ કામ પુના કોન્ફરન્સ વખતે એજ્યુકેશન બોર્ડને સોંપવામાં આવ્યું છે. કોન્ફરન્સ મારફત રૂા. ૪૫૦૦૦ કેળવણી માટે ખર્ચાયા છે. તેનાથી અનેક પાઠશાળા—સ્કોલરશીપ વગેરેમાં મદદ આપેલ છે, હાલ તે ફંડ પૂરું થયું છે, તો તે કામ પહેલાં જેટલી જ કાળજીથી આગળ વધે તેમ યત્ન કરવામાં આવે તો આપણે ઘણા આગળ વધી શકીશું.

પંડીત વ્રજલાલજીએ આ ઠરાવના અનુમોદનમાં જણાવ્યું કે—ધર્મ શું ચીજ છે એ સમજવાની જરૂર છે. જેમ આગનો ધર્મ ઉષ્ણતા છે તેમ આત્માનો ધર્મ સચ્ચિદાનંદમય છે, તે ધર્મ પ્રાપ્ત કરવો તે પણ ધર્મ છે. એ નિશ્ચિત માર્ગપર આત્મા પહોંચે ત્યારે કૃતકૃત્ય અને દેહમુક્ત હોય છે. સુખ દુઃખની પરંપરાથી જુદા થઈ વીર પ્રભુ આત્માનો ધર્મ સમજી તે પ્રમાણે આચરી શકયા હતા તેમ સાધુ સાધ્વીને ધર્મપ્રચારથી તથા શ્રાવક શ્રાવિકાને મદદથી ધર્મ સેવા ઉઠાવવી જોઈએ છે. તે વ્યવસ્થા મંદ થવાથી તેને જાગૃત કરવાની ફરજ કોન્ફરન્સની છે. કેમકે તે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાનું ચતુર્વિધ મંડળ છે. જૈન ધર્મ સર્વોત્કૃષ્ટ સ્થાને છે, અદ્વૈત તત્ત્વ એ જૈનનું એક શ્રેષ્ઠ તત્ત્વ છે. હેમચંદ્રાચાર્યે કહ્યું છે કે 'વીતરાગથી વધારે કોઈ દેવ નથી અને સ્યાદ્વાદથી ઉત્તમ કોઇ ધર્મ નથી.'

આપણો ધર્મ વીર ધર્મ કહેવાવા છતાં કમજોરીનો આક્ષેપ અમારા ઉપર કેમ હોઈ શકે? તે વિચારવું જોઇએ. શરીરનો ધર્મ વિનાશી છે, પણ તે છે ત્યાંસુધી મજબૂત રાખવું તે પણ ધર્મ છે. તે સમજીને ટુંકમાં એટલુંજ કે આપ થોડા તો ગમે તે કરી શકશો માટે તામસ વૃત્તિથી મુક્ત રહી આત્મિક ગુણ પ્રાપ્ત કરવાથી ધાર્મિક જ્ઞાનનો પ્રભાવ અવશ્ય ઉત્તમ ફળ આપશે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઠરાવના વધુ અનુમોદનમાં પંડિત હંસરાજજીએ જણાવ્યું કે-જે ધર્મ દુનિયામાં શ્રેષ્ઠ ધર્મ છે તેના શિક્ષણ માટે તેજ ધર્મના અનુયાયી મંડળની કોન્ફરન્સને ઠરાવ કરવો પડે છે તે ખેદની વાત છે. એક વિદ્વાને કહ્યું છે કે-

**ધર્મકા પ્રભાવ કે એ સમયકી સબ બાત હૈ;**
**હોતા કભી દિન ઉજલા પાછી અંધારી રાત હૈ.**

આ નિયમ પ્રમાણે કાળના ફરતા ચક્રને વશ આવી ખેદજનક સ્થિતિ સુધારવાનો ઠરાવ રજુ કરવો પડે છે, તો આવા લાંછનથી જલદી મુક્ત થવા દરેક જૈને યત્ન કરવાની પહેલી ફરજ છે. એક હાથી કે સિંહ જેવું પ્રાણી કે જેનાથી દરેક બીઇને નાસે છે; પરંતુ જો તેજ મુડદાલ સ્થિતિમાં પડેલ જોવાય છે તો નાના જીવો પણ તેને ચુંથી નાંખે છે. તે વાત આપણે ભૂલી જવી જોઇતી નથી.

દરેક મનુષ્ય સુખને ચાહે છે, સુખ વ્યાવહારિક અને પારમાર્થિક એમ બે પ્રકારનું છે. પરંતુ જાણવું જોઇએ કે વ્યાવહારિક સુખ નિત્ય નથી, જ્યારે પારમાર્થિક યાને તાત્વિક સુખ એ ધાર્મિક ભાવના છે. અંદર અંદરની લડાઈ-ઝઘડા અને ધર્મને નામે થતા મતભેદો એ સત્ય જ્ઞાનનો અભાવ છે. યાદ રાખો કે વ્યાવહારિક, ધાર્મિક અગર આત્મિક ઉન્નતિ ચાહતા હો તો તે દરેક માટે ધાર્મિક શિક્ષણ મુખ્ય ઉપાય છે.

ઉપનિષદમાં લખે છે કે આત્મા અજર અમર છે, કોઇ ધર્મમાં લખે છે કે-આત્મા જન્મે છે અને મરે છે. આવા ઉભય પક્ષના વાદયુકત ઝઘડાવાળા પ્રશ્નો માટે પણ વીરભગવાનનું સિદ્ધાંત જણાવે છે કે 'એક અપેક્ષાએ આત્મા જન્મે છે અને મરે છે ત્યારે એક અપેક્ષાએ આત્મા અજર અમર છે.' આવા સ્યાદ્વાદ જ્ઞાનથી શ્રેષ્ઠ ગણાતા ધાર્મિક અભ્યાસની ખાસ જરૂર છે. અને તે નાના બાળકોને જ નહિ પણ પાંચ વર્ષથી પચાસ વર્ષ સુધીના દરેક મનુષ્યે કરવાની જરૂર છે. એજ ઉચ્ચ હેતુથી ધર્મગુરૂ મુનિશ્રી વલ્લભવિજયજીએ મહાવીર જૈન વિદ્યાલય સ્થાપી છે તેમ તેવા બીજા પણ ખાતાં ઉઘડ્યા છે. તે હજુ વધવાની જરૂર છે.

ધર્મની ઉન્નતિ ધર્મથી જ થાય છે, કેમકે ધર્મની શ્રદ્ધા તેજ ધર્મ છે. **શેઠ પનેચંદ સંઘીએ** આ દેરાસરમાં રૂપિયા ચાર લાખ ખરચેલા છે અને હજુ વીશ લાખ ખર્ચવાના છે, તે સાથે જો આવા કેળવણીના કામમાં પાંચ દશ લાખ રૂપિયા અર્પણ કરે તો કેટલો ફાયદો થાય?

એટલું ખરૂં છે કે અંતે જો આપણે આ વાત તરફ લક્ષ નહિ આપીશું તો જમાનો તેનું કામ કરશે. તે ચોખું કહે છે કેઃ—

**જમાના નામ હૈ મેરા, સભીકો મેં બતાદુંગા;**
**ન માને વાત એ મેરી, મજા ઉસકો ચખાદુંગા.**

માટે છેવટ મારી એટલીજ વિનંતિ છે કે સર્વેએ ધાર્મિક શિક્ષણ માટે સવેળા સાવચેત થવાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઠરાવ ૭ મો.

### સામાન્ય કેળવણી. ( General Education )

આપણી સમગ્ર જૈન કોમમાં કોઇપણ જૈન કેળવણીથી રહિત ન રહે તેવા હેતુથી આ કોન્ફરન્સ નીચે પ્રમાણે ભલામણ કરે છે:

(૧) દરેક જૈન માબાપે પોતાના પુત્ર તથા પુત્રીને વ્યાવહારિક કેળવણી આપવી.

(૨) દરેક સ્થળના આગેવાનોએ સ્થાનિક વિદ્યાર્થીઓને પુસ્તક ફી વિગેરે કેળવણીનાં સર્વ સાધનો પૂરાં પાડવાં.

(૩) જૈન કોમના શ્રીમંતો તથા નેતાઓએ વિદ્યાનાં સાધનવાળાં હિંદના મુખ્ય મુખ્ય શહેરોમાં જૈન વિદ્યાર્થીઓને માટે બોર્ડીંગો ઉઘાડવી અને તેમાં ફ્રી બોર્ડરો રાખવાની ગોઠવણ કરવી.

(૪) ઉંચી કેળવણી લેતા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપી ઉત્તેજન આપવાનું અને ખાસ કરીને જેઓ ગ્રેજ્યુએટ થયા હોય અને મદદને અભાવે વિશેષ અભ્યાસ કરતા અટકી પડતા હોય તેવાઓને માટે મોટી સ્કોલરશીપ આપવાનું કાર્ય જૈન શ્રીમંતો તથા જૈનોની જાહેર સંસ્થાઓએ ઉપાડી લેવું.

## ઠરાવ ૮ મો.

### વેપારી કેળવણી. ( Commercial Education )

હિંદુસ્તાનની અર્ધી દોલત જૈનોના હાથમાંથી પસાર થાય છે એમ કહેવામાં આવે છે તેમજ જૈન કોમ વેપારમાં પ્રથમ પંક્તિ ધરાવે છે તે છતાં પણ વેપારી કેળવણીના અભાવે જૈન કોમ વેપાર ધંધામાં દિવસે દિવસે બીજી કોમોની સરખામણીમાં પછાત પડતી જાય છે, તેથી જૈન કોમ પોતાની અસલ પંક્તિ પ્રાપ્ત કરી ટકાવી રાખે તેને માટે આ કોન્ફરન્સ નીચે પ્રમાણે ભલામણ કરેછે.

( ૧ ) જૈન કોમના હાથમાં હાલ જે ધંધાઓ છે તે કાયમ રહે તેને માટે તે તે ધંધાના આગેવાનોએ પ્રયત્ન કરવો.

( ૨ ) કેળવણી લીધેલા જૈનોને જૈન વેપારીઓએ પોતાના ધંધામાં કુશળ બનાવી સામેલ કરવા પ્રયત્ન કરવો.

( ૩ ) દરેક જૈન વેપારીએ ખાસ કરીને પોતાના ધંધાને લગતી કેળવણી બીજી કેળવણી સાથે પોતાની સંતતી તથા કુટુંબીઓને આપવાની કાળજી રાખવી.

( ૪ ) પોતાના વેપારની વૃદ્ધિ અર્થે પશ્ચિમના ધંધાદારીઓ પોતાનો વેપાર જે રીતે કરે છે અને ખીલવે છે તે જાણી તેનું અનુકરણ હિંદના વેપારના સંજોગોને ધ્યાનમાં રાખી કરવું.

( ૫ ) જૈન વિદ્યાર્થીઓ ઉચ્ચ વેપારી કેળવણી લે તે તરફ તેમનું લક્ષ ખેંચવું અને વેપારી કોલેજમાં તેઓ અભ્યાસ કરે તેને માટે ખાસ સ્કોલરશિપો સ્થાપવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૬) ઉચ્ચ કેળવણી લેવી અતિ મોંઘી હોવાથી જૈનોનો સામાન્ય વર્ગ સામાન્ય કેળવણી લઈ પોતાની આજીવિકા આબરૂસર ચલાવી શકે તેને માટે ખાસ દેશી નામું ઠામું શિખવવા સ્થળે સ્થળે તે શિખવાના વર્ગો જૈન શ્રીમંતોએ તથા જૈનોની જાહેર સંસ્થાઓએ ઉઘાડવા.

(૭) કોમ અને સમાજની ઉન્નતિ ત્યારેજ થઈ શકે છે કે જ્યારે એ સમાજની એક મહા વિદ્યાલય ( college ) હોય કે જેથી સમાજના બાળકો ઉચ્ચ શિક્ષણ બહુ સારી રીતે મેળવી શકે; એટલા માટે આ કોન્ફરન્સ કુલ સમાજની એવી એક કોલેજ સ્થાપવાની ભલામણ કરે છે.

## ઠરાવ ૯ મો.

## સ્ત્રી કેળવણી. ( Female Education. )

જૈન કોમમાં સ્ત્રી કેળવણીનો સર્વત્ર ફેલાવો કરવા માટે આ કોન્ફરન્સ નીચેની જરૂરીઆતો સ્વીકારે છેઃ—

(૧) દરેક માબાપે પોતાની પુત્રીને લેખન, વાંચન તથા સામાન્ય ગણિતનું જ્ઞાન આપવું.

(૨) જે માબાપોથી બની શકે તેઓએ પોતાની પુત્રીને માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ આપવું અને પોતાની પુત્રી તેવું શિક્ષણ લઇ શકે તે માટે તેના લગ્ન તેની નાની ઉમ્મરમાં નહીં કરવાં.

(૩) જૈનની વસ્તીવાળાં જે જે સ્થળે બાળાઓને અભ્યાસ કરવા માટે સાધન હોય તે તે સ્થળે સ્થાનિક આગેવાનોએ કન્યાશાળાઓ ખોલવી.

(૪) ભરત ગુંથણ તથા સામાન્ય જ્ઞાન મોટી ઉમરની સ્ત્રીઓ નવરાશને વખતે લઇ શકે તેને માટે બપોરના વખતમાં ચાલતા ખાસ વર્ગો સ્થળે સ્થળે ઉઘાડવાની વ્યવસ્થા કરવી.

(૫) આવા ખાસ વર્ગોમાં આરોગ્ય વિદ્યાનાં મૂળ તત્ત્વો, માંદાની માવજત તથા અકસ્માત વખતે લેવાના તાત્કાળિક ઉપાયોનું જ્ઞાન આપવા સંબંધે વિશેષ લક્ષ આપવું.

(૬) કન્યા તથા સ્ત્રી માટેની શાળા તથા વર્ગો માટે સ્ત્રી શિક્ષકો તૈયાર કરવાની ખાસ જરૂર હોવાથી જૈન સ્ત્રીઓએ અને ખાસ કરી વિધવાઓએ મોટા પ્રમાણમાં ફિમેલ ટ્રેનિંગ કોલેજમાં દાખલ થઇ અભ્યાસ કરવો અને આવી અભ્યાસ કરતી સ્ત્રીઓને જે જે પ્રકારની સગવડો જોઈએ તે કરી આપવી.

## ઠરાવ ૧૦ મો.

## સુકૃત ભંડાર ફંડ. ( Svkrit Bhundar Fund )

સુકૃત ભંડાર ફંડ કે જેમાં ભરેલા પૈસાનો ઉપયોગ કેળવણી તથા કોન્ફરન્સના નિભાવ માટે થાય છે અને જે ફંડની ઉપર કોન્ફરન્સની હયાતી તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોન્ફરન્સે ઉપાડેલા દરેક કાર્યનો આધાર રહેલો છે. તેવા ફંડમાં દરેક સ્ત્રી પુરૂષે ઓછામાં ઓછા ચાર આના ભરવા એવો કોન્ફરન્સ દૃઢતાથી આગ્રહ કરે છે.

( ૧ ) આ ફંડમાં અત્યાર સુધીમાં જે જે ગૃહસ્થોએ પૈસા ભર્યા છે, તેઓનો ઉપકાર આ કોન્ફરન્સ માને છે.

( ૨ ) જે જે સ્થળના સંઘોએ સંઘદ્વારા આ ફંડ એકઠું કરી કોન્ફરન્સ ઓફીસ તરફ મોકલાવી આપેલ છે તે તે સંઘોનો ઉપકાર માનવાની આ તક લે છે.

( ૩ ) દરેક સ્થળના સંઘને કોન્ફરન્સ ઓફીસ ઉપર સંવત ૧૯૭૧ ની સાલનું સુકૃત ભંડાર ફંડ એકઠું કરી જેમ બને તેમ જલદીથી મોકલી આપવા આ કોન્ફરન્સ વિનંતિ કરે છે.

## ઠરાવ ૧૧ મો.

## જૈન સાહિત્ય પ્રચાર.

જૈન સાહિત્ય વિશેષ પ્રગટ ન થવાથી જૈન ધર્મ સંબંધે જુદી જુદી ભ્રમણાઓ ફેલાયેલી છે, તે દૂર કરવા જૈન સાહિત્યનો પ્રચાર સર્વત્ર કરવાની આવશ્યકતા આ કોન્ફરન્સ સ્વીકારે છે અને તેને માટે નીચેના પ્રયત્નો કરવાની ભલામણ કરે છે.

( ૧ ) હિંદુસ્તાનની જુદી જુદી યુનિવર્સીટી ( વિશ્વવિદ્યાલય ) ના અભ્યાસક્રમમાં જે જે જૈન પુસ્તકો દાખલ કરવામાં આવ્યાં હોય તે તે પુસ્તકો ટીકા તથા વિવેચનસહિત છપાવવાં.

( ૨ ) જે વિદ્યાર્થીઓ જૈન સાહિત્ય સ્વીકારી પોતાનો અભ્યાસ ચાલુ રાખે તેને સ્કોલરશિપો, ઈનામો વિગેરે આપવાં.

( ૩ ) હિંદની જુદી જુદી યુનિવર્સીટી ( વિશ્વવિદ્યાલય ) માં માગધી ભાષાને એક દ્વિતીય ભાષા તરીકે દાખલ કરાવવી.

( ૪ ) માગધી ભાષાનો અભ્યાસ સુલભ થાય તે માટે માગધી કોષ તૈયાર કરાવવો.

( ૫ ) વિવિધ ભાષામાં જૈન સાહિત્યનાં પુસ્તકો ભાષાંતર કરાવી છપાવવાં.

( ૬ ) પ્રાચીન જૈન ભંડારોના વ્યવસ્થાપકોએ તેવા ભંડારોમાં રહેલાં પુસ્તકોની સવિસ્તાર ટીપ કરાવી પ્રસિદ્ધ કરવી, જે પુસ્તકો નષ્ટ થતાં હોય અથવા જે અલભ્ય અને ઉપયોગી હોય તેવાં પુસ્તકો ફરીથી લખાવવાં યા છપાવવાં અને તે તે ભંડારોનાં પુસ્તકોનો લાભ જનસમુદાય લઈ શકે તેવી યોગ્ય ગોઠવણ કરવી.

## ઠરાવ ૧૨ મો.

## હાનિકારક રીવાજો દૂર કરવા બાબત.

આ કોન્ફરન્સ ઈચ્છે છે કે આપણી જૈન કોમમાં જે જે હાનિકારક રીવાજો છે તે દૂર કરવાને યોગ્ય પ્રયત્ન જ્ઞાતિના અગ્રેસરો અવશ્ય કરશે. એ સંબંધમાં નીચેના વિષયો પર ધ્યાન ખેંચવાની આવશ્યકતા છે.—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧. બાળલગ્ન અટકાવવાની ખાસ જરૂર છે, કારણ કે તેના ઉપર શરીર-સંરક્ષણ અને ભવિષ્યની પ્રગતિનો બહુ આધાર છે.

૨. વૃદ્ધ વિવાહથી સ્ત્રી જાતિને બહુ અન્યાય થાય છે તેથી તે અટકાવવાની ખાસ જરૂર છે.

૩. એક સ્ત્રીની હૈયાતિમાં બીજી સ્ત્રી કરવાનો રીવાજ જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં બંધ થવા માટે યત્ન કરવાની જરૂર છે.

૪. લગ્ન પ્રસંગે મોટી રકમોનો ખર્ચ કરવામાં આવે છે તે અપ્રસંશનિય છે.

૫. લગ્ન પ્રસંગમાં ફટાણા ગાવાનો રીવાજ કોઇ કોઇ જગ્યાએ છે તે બંધ થવાની જરૂર છે.

૬. લગ્ન પ્રસંગે આતસબાજી ફોડવાનો રીવાજ જ્યાં હોય ત્યાં તે બંધ કરવાની જરૂર છે, કેમકે તે ધર્મ વિરૂદ્ધ છે.

૭. લગ્ન પ્રસંગે ગણિકાના નાચ કોઈ જગ્યાએ થતા હોય તો તેથી આ કોન્ફરન્સ વિરૂદ્ધ છે.

૮. મરણ પછવાડે કારજ કરવાનો રીવાજ નિંદનીય છે,

૯. અન્ય દેવ દેવીની પૂજા—માનતા કરવાના વહેમી રીવાજો બંધ થવાની જરૂરછે.

## ઠરાવ ૧૩ મો.

## જૈન કોમની સંખ્યામાં વધારો કરવા બાબત.

(Means to increase and enlarge Jaina Community.)

જૈન કોમની સંખ્યામાં વધારો કરવા તેમજ જૈન વસ્તીનું મરણ પ્રમાણ બીજી કોમની સરખામણીમાં વિશેષ હોવાથી તે ઓછું કરવા આ કોન્ફરન્સ નીચેના ઉપાયો સૂચવે છે:—

(૧) જેઓએ પોતાનો અસલ જૈન ધર્મ તજી બીજો ધર્મ અંગીકાર કર્યો હોય, તેઓને જૈન ધર્મમાં પાછા દાખલ કરવા પ્રયત્ન કરવો.

(૨) ઉચ્ચ વર્ણોના આર્યો કે જેઓને જૈન ધર્મ ઉપર રૂચિ હોય તેઓને જૈન ધર્મમાં આપણા પૂજ્ય મુનિમહારાજોની સંમતિ લઇ દાખલ કરવા માટે પ્રયત્ન કરવો.

(૩) આરોગ્યતાના નિયમોનું જ્ઞાન જૈનસમાજમાં બહોળા પ્રમાણમાં ફેલાવવું.

(૪) ગીચ વસ્તીવાળા મોટાં શહેરોમાં ગરીબ તેમજ મધ્યમ વર્ગના જૈનો માટે સસ્તા ભાડાની ચાલો બાંધવા માટે જૈન શ્રીમંતોનું લક્ષ ખેંચવું

(૫) જૈનોમાં મરણ પ્રમાણ વિશેષ છે તેનાં કારણો શોધવા તથા તે અટકાવવા માટે ઉપાયો સૂચવવા નીચેના ગૃહસ્થોની (મેંબર વધારવાની સત્તા સાથે) એક કમીટી આ કોન્ફરન્સ નીમે છે. ઉક્ત કમીટીએ પોતાનો રીપોર્ટ છ માસમાં તૈયાર કરી જાહેર પત્રોમાં છપાવવા કોન્ફરન્સના જનરલ સેક્રેટ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીપર મોકલી આપવો અને જનરલ સેક્રેટરીએ સૂચના સાથે તે રીપોર્ટ કોન્ફરન્સના આવતા અધિવેશનમાં યોગ્ય ઠરાવ માટે રજુ કરવો.

( ૧ ) ડાક્ટર નાનચંદ કસ્તુરચંદ મોદી L. M. & S.

( ૨ ) ડાક્તર મુનશી હીરજી મૈશરી L. M. & S.

( ૩ ) ઝવેરી મોહનલાલ મગનભાઈ.

( ૪ ) શાહ નરોત્તમ ભગવાનદાસ.

## ઠરાવ ૧૪ મો.
## કોન્ફરન્સના બંધારણ બાબત.

કોન્ફરન્સના બંધારણમાં સુધારો વધારો કરવા માટે એક કમીટી ( મેંબરો વધારવાની સત્તા સાથે) આ કોન્ફરન્સ નીમે છે અને ઠરાવે છે કે તે કમીટીએ પોતાનો રિપોર્ટ જનરલ સેક્રેટરીપર ૭ માસની અંદર મોકલાવી આપવો, જનરલ સેક્રેટરીએ તે રિપોર્ટ જાહેર પત્રમાં પ્રસિદ્ધ કરવો, અને તે પર જે સૂચના આવે તે સૂચનાઓ સાથે આવતી કોન્ફરન્સમાં રજુ કરવો.

## ઠરાવ ૧૫ મો.
## જીર્ણમંદિરોદ્ધાર બાબત.

જૈન પ્રાચીન તીર્થ અને બીજા દેરાસરો જે જુદા જુદા સ્થળે આવેલાં છે, તેની પવિત્રતા સંભાળવા માટે તથા જીર્ણતા દૂર કરવાને માટે ખાસ પ્રયત્ન કરવાની જરૂર છે. મારવાડમાં અનેક પ્રાચીન સ્થળોમાં આવેલા દેરાસરોનો જીર્ણોદ્ધાર કરાવવાની ખાસ જરૂર જણાય છે. અને જ્યાં પ્રતિમાજીની પૂજા ન થતી હોય ત્યાં પૂજા થવા માટે યોગ્ય વ્યવસ્થા કરવાની તાકીદે જરૂરીયાત છે.

## ઠરાવ ૧૬ મો.
## અન્ય ઠરાવોને પુષ્ટિ.

આ કોન્ફરન્સ નિરાશ્રિતને આશ્રય, જીવદયા, સંપવૃદ્ધિ વગેરે પૂર્વની કોન્ફરન્સોમાં થયેલા ઉપયોગી ઠરાવોપર જૈન સમાજનું લક્ષ ખેંચે છે, અને તદનુસાર વર્તવા ભલામણ કરે છે.

ત્યારબાદ પ્રમુખ, રીસેપ્શન કમીટીના ચેરમેન અને વોલંટીયર, ડેલીગેટ વિગેરેનો ઉપકાર માનવાના ઠરાવો પસાર થયા હતા તથા જનરલ અને પ્રાંતીક સેક્રેટરીના કામ માટે ધન્યવાદ આપી તેમને કાયમ રાખવાનો ઠરાવ કર્યો હતો.

ત્યારબાદ હવે પછીની દશમી કોન્ફરન્સ મુંબઈમાં, અગીઆરમી ઓસીઆમાં, તથા બારમી અમૃતસરમાં મેળવવાનો નિર્ણય કરી કોન્ફરન્સ બહુ આનંદ પૂર્વક પોતાનું કાર્ય ખલાસ કરીને બરખાસ્ત કરવામાં આવી હતી.

For Private And Personal Use Only